# ૧૧ કવિવર સમયસુન્દર.

( લેખક: રા. રા. મોહનલાલ દલીચંદ દેસાઈ. )

જૈન સાધુઓ ભારતની એક ધાર્મિક સંસ્થા છે અને પોતાના આચાર-નિયમ પ્રમાણે ભ્રમણશીલ-પરિવ્રાજક છે. એક વર્ષમાં એકી સાથે ચાતુર્માસ એક સ્થળે ગાળવું તેમને અપરિહાર્ય છે; જ્યારે બાકીના આઠ માસમાં એક ગામથી બીજા ગામ અપ્રતિહત વિહાર કરી દરેક સ્થલે ઉપદેશ આપતા રહી વિહાર કર્યે જાય છે. લગભગ પચીસસો વર્ષ પહેલાં થયેલા ધર્મ સંસ્થાપક શ્રી મહાવીરના અનુયાયી જૈન શ્રમણોની સંસ્કૃતિ સમયધર્મ પ્રમાણે અનેક ઉદય અને અસ્તના હિંડોલે હીંચીને હજુ સુધી પણ અખંડપણે ચાલી આવી છે. તે શ્રમણ-પંથે સ્થાપેલા દયા ધર્મની અસરથી ભારતમાં હિંસક યજ્ઞયાગ બંધ પડયા એટલું જ નહિ પણ જાતિભેદના જુલમને ઘણા સૈકાઓ સુધી વિશેષ અવકાશ મળ્યો નહિ. વિશેષમાં કાવ્ય, નાટક, કથા-ભાષા વગેરે સાહિત્ય પ્રદેશમાં પણ તે શ્રમણોએ દરેક શતકમાં-દરેક યુગમાં અન્ય પંથોની સાથે સાથે પ્રબળ ફાળો આપ્યો છે, અને એ સત્યની પ્રતીતિ તેના સાહિત્યનો ઇતિહાસ લખાશે ત્યારે અતિ સ્પષ્ટ રીતે અને જરૂર થશે.

સંસારની ઉપાધિઓના બંધનથી મુક્ત એવા નિર્બંધ પંખીઓ પેઠે વિચરતા માત્ર ધર્મપરાયણ જીવન ગાળવા નિર્માએલા સાધુઓના સૂર વિશ્વબંધુ-ભાવનાં, પ્રભુભક્તિનાં, અને નીતિના ઉપદેશનાં ગીતો ગાવામાં જ નીકળી શકે. પોતપોતાના જમાનાની ભાવનાઓને વ્યક્ત કરવી, પોતાના સમયના જૂદા જૂદા આદર્શોને અને નોખા નોખા વહેતા લાગણી-પ્રવાહોને એકત્ર કરી પયગમ્બરી વાણીમાં તેનું ઉદ્‌બોધન કરવું એ કવિઓનું કર્તવ્ય છે. સામાન્ય લોકોના દિલમાં જે સુન્દર ભાવો જાગે-પણ જે સમજવાની કે સમજાવવાની તેમનામાં તાકાત નથી-તેમને ભાષા આપવી, તેમને અમર વાણીમાં વ્યકત કરવા એ કવિ-ઓનું કાર્ય છે. નિર્બંધ પંખીઓમાં કોકિલા જેવું ભ્રમણશાલી પંખી ભાગ્યે જ જોવામાં આવશે. આવા કવિપરભૃતો જૈન સાધુઓએ પ્રાન્ત પ્રાન્ત અને દેશેદેશ વિહાર કરી પોતાના કાવ્યનો ટહૂકો લોકોને સંભળાવ્યો છે. આ પૈકી એક કવિપરભૃતનો પરિચય કરાવવાની આ નિબંધની ઉમેદ છે.

તેમનું નામ કવિવર સમયસુન્દર. તેમનો કાળ વિક્રમનો સત્તરમો શતાબ્દિ છે. તેમને સંવત્ ૧૬૪૯ માં વાચનાચાર્ય-ઉપાધ્યાય પદ લાહોરમાં મળ્યું હતું. એમનો પ્રથમનો ગ્રંથ 'ભાવશતક' સં૦ ૧૬૪૧ માં રચેલો મળી આવે છે, તેથી તે વખતે તેમની ઉમર ૨૧ વર્ષની ગણીએ તો તેમનો જન્મ સં૦ ૧૬૨૦ માં મૂકી શકાય કે જે વખતે તેમના દીક્ષા-ગુરુ સકલચંદ્ર ઉપાધ્યાયના દીક્ષાગુરુ જિનચંદ્રસૂરિને સૂરિપદ ( ૧૭ વર્ષની વયે, સંવત્ ૧૬૧૨ માં ) મળ્યાને આઠ વર્ષ થઇ ગયાં હતાં. તેમનો છેલ્લો ગ્રંથ સં૦ ૧૬૯૭ લગભગનો મળી આવે છે તેથી તેઓ સં૦ ૧૬૨૦ થી ૧૭૦૦ સુધી-૮૦ વર્ષ જેટલું જીવન ગાળી શકયા હતા એ પ્રાયઃ નિશ્ચિત થાય છે.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## તત્કાલીન સ્થિતિ.

ખરતર ગચ્છ અને તપાગચ્છ વચ્ચે લાંબા વખતથી સ્પર્ધા અને વિખવાદ ચાલ્યા આવતા. એ વિખવાદ સત્તરમા શતકના પૂર્વાર્દ્ધમાં વધી પડયો હતો. શ્વેતામ્બરો અને દિગંબરો વચ્ચેનો વિરોધ તો બહુ જૂનો હતો પણ સં. ૧૧૭૬ માં સિદ્ધરાજના દરબારમાં વાદિદેવ નામના શ્વેતામ્બર સૂરિએ કુમુદચંદ્ર નામના દિગમ્બરાચાર્યને શાસ્ત્રાર્થમાં હરાવી દિગમ્બરોને ગૂજરાતના રાજ્યની હદપાર કરાવ્યા-તે પછી એ બંનેનાં કાર્ય કરવાનાં ક્ષેત્રો બહુધા જૂદાં પડી ગયાં હતાં ને તેથી એમના વચ્ચેનો વિરોધ પણ મોળો પડી ગયો હતો. પણ બીજી બાજુએ શ્વેતામ્બર મૂર્તિપૂજકમાંથી જુદા પડી લુંકામત અને બીજા મત નીકળ્યા પછી તેમની સાથેનો વિરોધ પ્રબળ થઇ પડયો હતો. શ્વેતામ્બર મતના ખરતર અને તપગચ્છ વચ્ચેની મતામતી પણ પ્રબળ થઇ પડી હતી અને તેમાં ધર્મસાગર ઉપાધ્યાયજી નામના તપગચ્છીય વિદ્વાન્-પણ-ઉગ્રસ્વભાવી સાધુએ કુમતિકંદકુદ્દાલ ( યાને પ્રવચન પરીક્ષા ) નામનો ગ્રંથ બનાવી તપગચ્છ સિવાયના અન્ય સર્વ ગચ્છ અને મત સામે અનેક આક્ષેપો મૂકયા. આથી તે સર્વ મતો ખળભળી ઉઠયા; અને તેનું જો સમાધાન ન થાય તો આખા જૈનસમાજમાં દાવાનળ અગ્નિ પ્રકટે. આ વખતે જોખમદાર આચાર્યોથી વચ્ચે પડયા વગર રહી શકાય નહિ, તેથી તપગચ્છાચાર્ય શ્રી વિજયદાનસૂરિએ ઉપરોક્ત ગ્રંથ પાણીમાં બોળાવી દીધો અને તેને અપ્રમાણ ઠેરવ્યો. તેમણે જાહેરનામું કાઢી 'સાત બોલ' ની આજ્ઞા કાઢી એક બીજા મતવાળાને વાદ-વિવાદની અથડામણ કરતા અટકાવ્યા, પણ આટલાથી વિરોધ જોઇએ તેવો ન શમ્યો તેથી વિજયદાનસૂરિ પછી આચાર્ય હીરવિજયસૂરિએ ઉક્ત 'સાત બોલ' એ નામની બાર આજ્ઞાઓ જાહેર કરી હતી. ( સં૦ ૧૬૪૬. ) આથી જૈન સમાજમાં ઘણી શાન્તિ આવી, અને ખરતર ગચ્છના અને તપગચ્છના આચાર્યો એક બીજાની નિન્દામાં ન ઉતરતાં જૈન ધર્મનો પ્રભાવ અન્ય સમાજમાં અને રાજદ્વારમાં પાડવા માટે પ્રયત્નશીલ થયા.

વિક્રમનો સત્તરમો સૈકો જૈનો માટે ઘણો પ્રતાપી હતો. તે સદીમાં મહાન મોગલ સમ્રાટ અકબર, જહાંગીર અને શાહજહાં ( સં૦ ૧૬૧૨ થી સં૦ ૧૭૧૪ ) એ ત્રણ શહેનશાહોએ સમગ્ર ભારતવર્ષમાં રાજ્યસત્તા જમાવી રાખી લોકોમાં આબાદી અને શાન્તિની સ્થિરતા કરી. અકબરે સં૦ ૧૬૨૪ માં ચિતોડ, ૧૬૨૫ માં રણથંભોર અને કલંજરના કિલ્લા જીતી લીધા અને સં૦ ૧૬૨૯ માં અમદાવાદમાં પોતાનો વાવટો ફરકાવ્યો. પછી વડોદરા, ચાંપાનેર, સુરત એ સઘળો મિર્ઝાઓએ કબજે કરેલો મુલક તેઓને હાંકી મેલી, પોતાના રાજ્ય તળે મૂકી અકબર આગ્રે આવ્યો. ત્યારપછીના ત્રણ વર્ષમાં બિહાર અને બંગાલા હાથ કર્યા. સામાન્યે સર્વ સ્થળે શાંતિ પ્રસરી. આ સૈકામાં શ્વેતામ્બર જૈન સાધુઓ સંસ્કૃત પ્રાકૃત અને સ્વભાષા-લોકભાષામાં સાહિત્ય વિશેષ વિશેષ ઉત્પન્ન કરવા લાગ્યા. તપગચ્છીય પ્રભાવક મહાપુરૂષ હીરવિજયસૂરિએ તથા તેમના શિષ્ય ઉપાધ્યાય શાંતિચંદ્ર આદિએ; ખરતર ગચ્છીય જિનચંદ્રસૂરિએ; અને નાગપુર તપગચ્છીય પદ્મસુંદર ઉપાધ્યાયે અકબર બાદશાહને જૈન ધર્મનું સ્વરૂપ સમજાવી તેની તેના પ્રત્યે સદ્ભાવના ખેંચી અનેક જૈન તીર્થ સંબંધી ફરમાનો, જીવ-વધ-બંધની આજ્ઞાઓ અને પુસ્તકો, સ્થાન વગેરેનાં ઇનામો પ્રાપ્ત કર્યાં. જહાંગીરે તપગચ્છી વિજયસેનસૂરિ અને ખરતરગચ્છી

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જિનસિંહસૂરિને મોટાં ધાર્મિક બિરૂદો આપ્યાં, અને શહાજહાંએ પણ સહાનુભૂતિ દાખવી. આ સામાન્ય રીતે શાંતિની શતવર્ષીમાં અન્ય ધર્મોમાં પણ ઘણી જાગ્રતિ આવી અને સાહિત્યવૃદ્ધિ થઇ.

સં૦ ૧૬૦૦ માં તળ અમદાવાદમાં જન્મનાર દાદુજીએ ત્યાગી ફકીર બની જયપુર-માંના રાજ્યમાં ઘણો જીવન-કાળ કાઢી ૧૬૪૨ માં અકબર સાથે ધર્માલાપ કર્યો. વેદાન્ત-જ્ઞાન સામાન્ય મનુષ્યોને ગળે ઉતારવા સરલ રીતિથી લોક-ગમ્ય ભાષામાં ઉપદેશ કર્યો: મુખ્ય વાત એ હતી કે.

આપા મટૈ, હરિ ભજૈ, તન મન તજૈ વિકાર,
નિર્વૈરી સબ જીવસો, દાદુ યહુ મત સાર.

એક પરમેશ્વર જગતનો સાર છે. તે પરબ્રહ્મ ઇષ્ટદેવ તે 'રામ' છે. તેની ઉપાસનાથી સુખની પ્રાપ્તિ થાય છે. જગતનાં સુખો તેની પાસે નિઃસાર છે. તે પરમ આનંદમય સુખ પ્રાપ્ત કરવા દાદુ દયાલે બીજાં સાધન માર્ગોમાં જણાતા બાહ્ય આડંબરી પ્રપંચ (જેવા કે રામાનુજ, વલ્લભાદિ સગુણ પૂજાઓમાં), કોરી બંદગી આદિને તુચ્છ બનાવ્યાં. સર્વ સાથે દ્વેષ તજી હળી મળી રહેવું અને સર્વ જીવપર દયા દૃષ્ટિ રાખવાની તેણે આજ્ઞા કરી. આ પ્રમાણે એવાં સાધનો તેણે બતાવ્યાં કે ભિન્ન મતવાળા હિન્દુ મુસલમાન આદિ અવિરોધે આચરી શકે. તે સં૦ ૧૬૬૦ માં નારાયણ ગામમાં (નારાણે) સ્વર્ગસ્થ થયા. તેના શિષ્ય સુન્દરદાસે (જન્મ સં૦ ૧૬૫૩, દાદુજી પાસે દીક્ષા સં૦ ૧૬૫૯, મરણ ૧૭૪૬) વેદાન્ત જ્ઞાનને સુમધુર સરલ અને ઉચ્ચ હિન્દી કાવ્યમાં વિવિધ પ્રકારની રચના કરી. તેમણે અદ્વૈત બ્રહ્મવિદ્યાનો પ્રચાર કરવાથી અને તેઓ અતિ કુશલ વિદ્વાન્ હોવાથી તેમને દાદુ-પંથીઓ 'બીજા શંકરાચાર્ય' કહે છે. [૧]

ગોસ્વામી તુલસીદાસઃ—(જન્મ સં૦ ૧૬૦૦; મરણ સં૦ ૧૬૮૦) આ હિન્દી સાહિત્યના અપ્રતિમ મહાકવિ છે. તેમણે રામાયણ રચી તે એટલી બધી આજસુધી પ્રસિદ્ધ છે કે, તેનું વાચન દરેક હિન્દી કુટુમ્બમાં થાય છે. તેમજ તેમણે અનેક હિન્દી કાવ્યો રચ્યાં છે. તે અકબરના પ્રસિદ્ધ કવિ ગંગના તથા અન્ય હિન્દી પ્રસિદ્ધ કવિ વિહારી તથા કેશવદાસના સમકાલીન છે.

મહારાષ્ટ્રમાં અઢાર પર્વના મહાભારતને મરાઠીમાં પહેલવહેલાં અવતારનાર કવિ વિષ્ણુ-દાસ, અને મુક્તેશ્વર (જન્મ ૧૬૫૬, સ્વર્ગ૦ ૧૭૦૬) તેમજ પ્રસિદ્ધ સંતકવિઓ એક-

---

૧ રાઘવીય ભક્તમાલમાં જણાવ્યું છે કે 'શંકરાચાર્ય દૂસરો, દાદુ કે સુંદર ભયૌ.' આ સુન્દરદાસજીએ સં૦ ૧૬૬૩–૧૬૮૨ કાશીમાં રહી વિદ્યા લઇ લોકને આપી. પછી બહુ પર્યટન કર્યું. ગુજરાતમાં પણ તે ઘણો કાળ રહ્યા હતા અને ગુજરાતી ભાષા પોતે શીખી લીધી હતી. તેના અપ્રસિદ્ધ 'દશોં દિશાકે સવૈયે' માં ગૂજરાત સંબંધી લખ્યું છે કેઃ—

'આભડછોત અતીત સૌં કીજિયે, બિલાઇ રૂ કૂકર ચાટત હાંડી'

આ પરથી જણાય છે કે વૈષ્ણવ સંપ્રદાયની અસરથી ગુજરાતમાં આભડછેટ પર લોકોનું ઘણું ધ્યાન રહેતું હશે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નાથ (જન્મ સં૦ ૧૬૦૫, સ્વ૦ ૧૬૫૬); તુકારામ (જન્મ સં૦ ૧૬૩૪ યા ૧૬૬૪-સ્વ૦ ૧૭૦૮), સમર્થ રામદાસ (જન્મ સં૦ ૧૬૬૫ સ્વ૦ ૧૭૩૮) આદિ થયા છે.

ગૂર્જર ભાષાના આ યુગ માટે એમ કહેવામાં આવે છે કે 'જે ભાષાના પ્રથમ યુગમાં-સાહિત્યના પ્રભાતમાં-નરસિંહ મહેતા જેવા ભક્ત કવિનાં પ્રભાતિયાં ગાજી રહ્યાં હતાં તેના મધ્ય યુગમાં-સોળમા અને સત્તરમા શતકમાં-કવિતાનાં સ્વર્ગીય ગાનનો ધ્વનિ છેક મન્દ પડી ગયો'-આ વાત સત્ય નથી. જૈનેતર ગૂર્જર કવિઓ આ યુગમાં વધુ સંખ્યામાં મળી નથી આવ્યા તેથી તેવી વાત મૂકવામાં આવે તે સ્વાભાવિક છે, પણ મને ખાત્રી છે કે આ ઉન્નતિના અને જાગ્રતિના યુગમાં અનેક જૈનેતર ગૂર્જર કવિઓ થયા હોવા જોઇએ; અને તે શોધખોળ કરતાં સાંપડી શકશે. જ્યારે મધ્ય યુગમાં જૈન કવિઓ માટે તો નિર્વિવાદ રીતે સ્પષ્ટ કહી શકાય તેમ છે કે તેમણે સાહિત્યની ધારા અખંડ નિરાવરણ અને નિર્મલ રાખી, તેનામાં ઓજસ્વાળું પયઃ સિંચી તેને બલવતી, વેગવતી અને ઉજ્વલ બનાવી હતી.

આ સત્તરમા શતકમાં જેમ અંગ્રેજીમાં, રાણી એલિઝાબેથનો સમય (સં૦ ૧૬૧૫-૧૬૬૦) ઉક્ત ભાષા માટે એક મહાન્ ઉન્નતિનો છે, તેવો જ અકબરનો રાજત્વકાલ (સં૦ ૧૬૧૩-૧૬૬૨) સર્વ દેશી ભાષાઓ માટે વૃદ્ધિ અને ગૌરવનો યુગ થયો છે. બંને દેશોમાં આ સમૃદ્ધિશાલી સમયમાં અતિશય સંતોષજનક ઉન્નતિ થઇ છે અને સારા સારા કવિ અને લેખક પાકયા છે. ઉર્દુ ભાષાની સ્થાપના-પ્રતિષ્ઠા મુખ્યપણે આ સમયમાં થઇ. હિંદી ભાષાના સમયવીર-મુખ્ય નાયક ગોસ્વામી તુલસીદાસ આ યુગમાં થયા કે જેમનો કવિતાકાલ (સં૦ ૧૬૩૧-સં૦ ૧૬૮૦) છે. તે મહાનુભાવ-મહાત્માએ રામાયણ આદિ રચી હિન્દીપર જેટલો ઉપકાર કર્યો છે તેવો કોઇએ કર્યો નથી; કવિપ્રિયા અને રસિકપ્રિયાના કર્ત્તા હિન્દી કવિ કેશવદાસ (કવિતાકાલ સં૦ ૧૬૪૮-૧૬૬૮) એક પ્રતિષ્ઠિત નામી કવિ થયા; આ ઉપરાંત અકબરના દરબારમાંના ગંગકવિ, બીરબલ ('બ્રહ્મ' ઉપનામથી) આદિ, તેમજ સેનાપતિ, દાદુ દયાલ, સુન્દરદાસ, બનારસીદાસ પ્રભૃતિ કવિઓ ઉદ્ભવ્યા. આ બૃહત્કાલમાં આની પહેલાં સૂરદાસ આદિએ વ્રજભાષાદ્વારા કૃષ્ણ કવિતાપર અધિક ધ્યાન આપ્યું હતું, જ્યારે તુલસીદાસના કાલથી રામભક્તિની ધારા વહી અને પછી રામભક્તોએ કૃષ્ણની પેઠે રામનું પણ શૃંગારપૂર્ણ વર્ણન કર્યું. (આની અસર જૈન સાહિત્યમાં નેમિનાથ-રાજુલ અને સ્થુલભદ્ર ને કોશ્યાના પ્રસંગો લઇ શૃંગારપર મર્યાદીત સ્વરૂપે ઉતરી વૈરાગ્ય પરિણામપર લાવવા જૈન કવિઓ પ્રેરાયા હોય એવું સંભવે છે) મહારાષ્ટ્રમાં મહાભારત મરાઠીમાં અવગત થયું અને તત્ત્વજ્ઞાનમય અભંગો-દાસબોધ જેવા તાત્ત્વિક ઉપદેશો ભાષામાં ઉતરવા લાગ્યા. આવા પ્રતાપી-ઉત્સાહભર્યા શતકમાં ગૂજરાતી સાહિત્યમાં ગાનનો ધ્વનિ મંદ પડે એ માનવાને આંચકો આવે.

## મધ્યયુગ ભાષા

ગૂર્જર પ્રાચીન સાહિત્યના ત્રણ યુગ નામે અપભ્રંશ યા પ્રાચીન ગુજરાતી યુગ, મધ્યકાલીન યુગ અને અર્વાચીન યુગ એમ પાડીએ, તો અપભ્રંશ યુગમાં 'અપભ્રંશ' કિંવા પ્રાચીન ગુજરાતીનાં વ્યાકરણ આદિપ્રવર્ત્તક અને પ્રાકૃત બોલીઓના પાણિની'-હેમાચાર્ય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

(વિ૦ સં૦ ૧૧૪૫ થી ૧૨૨૯), પ્રબંધચિંતામણિના કર્તા મેરુતુંગ (વિ૦ સં૦ ૧૩૬૧), કવિ ધનપાલ (ભવિષ્યદત્ત કથાના કર્તા) આદિ અનેક જૈન ગ્રંથકારોએ પ્રબલ સાહિત્ય-સેવા કરી છે. જૈન ભંડારોમાં અપભ્રંશનાં અનેક પુસ્તકો મળી શકે તેમ છે. એ સિદ્ધ વાત છે કે સંવત પંદરમા સૈકા સુધી સૌરાષ્ટ્ર, ગુજરાત અને રાજસ્થાન એ સર્વ પ્રદેશોમાં અપભ્રંશ ભાષા જ વ્યાપક ભાષા તરીકે પ્રવર્તતી હતી. સંવત્ ૧૩ મા સૈકાથી સં૦ ૧૫૫૦ સુધીની ભાષાને અન્તિમ અપભ્રંશ ભાષા ગણી શકીએ. આને ડા૦ ટેસીટેરી જૂની પશ્ચિમ રાજસ્થાની ભાષા કહે છે.

મધ્યકાલીન યુગ વિક્રમ પંદરમા શતકથી સત્તરમા શતકનો ગણીએ તો તેમાં પંદરમા શતકમાં થોડા, પણ સોળમા શતકમાં ઘણા વધુ, અને સત્તરમામાં તો અતિ વિપુલ પ્રમાણમાં જૈનકવિઓ અને ગ્રંથકારો મળી આવે તેમ છે. મધ્યકાલીન કે અર્વાચીન યુગમાં એક પણ શતક જૈનોની ગૂર્જર સાહિત્યસેવા વગરનું રહ્યું નથી. જૈન સાધુઓએ ભંડારોદ્વારા આ સર્વ સાચવી રાખ્યું છે, તે માટે તેમને ધન્યવાદ ઘટે છે, અને તેથી તે સર્વ સાહિત્યનો ઇતિહાસ અખંડ લખી શકાશે. તેમ થયે વિશેષ પ્રભાનાં દર્શન થશે.

રા. નરસિંહરાવે આંકેલ ગૂજરાતી ભાષાના વિકાસક્રમની સમયરેખામાં સં૦ ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીની ભાષાને 'મધ્ય ગૂજરાતી' કહી છે. આ મધ્ય ગૂજરાતી કે ઉપર નિર્દેશેલ મધ્યકાલીન યુગમાં પ્રસ્તુત કવિ (વિક્રમ સત્તરમો સૈકો) થયેલ છે. તે સૈકામાં અનેક સુંદર કૃતિઓ રચી પોતાને સિદ્ધહસ્ત આખ્યાન-કથા કવિ તરીકે સિદ્ધ કરનાર જૈન-કવિઓ નામે કુશલલાભ (કૃતિઓ સં૦ ૧૬૧૭ થી ૧૬૨૪), સોમવિમલસૂરિ (કૃતિ સં૦ ૧૬૧૫ થી ૧૬૩૩), નયસુંદર (કવિતાકાલ સં૦ ૧૬૩૨ થી ૧૬૬૯), પ્રસ્તુત કવિ સમયસુંદર (સં૦ ૧૬૫૮ થી ૧૭૦૦), અને શ્રાવક કવિ ઋષભદાસ (કવિતાકાલ સં૦ ૧૬૬૨ થી ૧૬૮૭) એ પાંચ અગ્રભાગ લે છે. આ પૈકી ઋષભદાસ સંબંધી લેખ પાંચમી ગૂર્જર સાહિત્ય પરિષદ્‌માં મેં જરા વિસ્તારથી લખી મોકલ્યો હતો તે તેના રીપોર્ટમાં તેમજ અન્યત્ર છપાઇ ગયો છે, અને નયસુન્દર સંબંધી મારો નિબંધ આનંદ કાવ્ય મહોદધિના છઠ્ઠા મૌક્તિકની પ્રસ્તાવનામાં પ્રકટ થયો છે. આ લેખદ્વારા કવિવર સમયસુન્દર સંબંધી કંઇક હકીકત જણાવવા મેં પ્રયત્ન કર્યો છે.

## મધ્યયુગનું કથાસાહિત્ય

સં૦ સત્તરમા સૈકાના પ્રારંભથી લોકકથાઓને કાવ્યમાં મુકવાના સુંદર પ્રયાસો જૈન સાધુઓના હાથથી થઇ રહ્યા હતા. માત્ર પોતાના ધાર્મિક કથા સાહિત્યમાંથી જ વસ્તુ લઇ જૈન સાધુઓએ પોતાનું-જૈન કાવ્ય સાહિત્ય અખંડપણે ઉત્પન્ન કર્યું છે (જેમ પ્રેમાનંદાદિએ કર્યું છે તેમ), એટલુંજ નહિ, પણ તે ઉપરાંત લોકકથાઓને પણ કાવ્યમાં (શામળદાસાદિની માફક) ઉતારી છે; વિશેષમાં તેઓએ, એ બંને કવિઓ-પ્રેમાનંદ અને શામળભટ્ટ-ની અગાઉના સૈકામાં એટલે સવંત સત્તરમા સૈકામાં-તેના પ્રારંભથી ભાષામાં અવતાર્યું છે.

આના સમર્થનમાં કહીશું કે સં૦ ૧૫૬૦ માં સિંહકુશલે નંદબત્રીશી રચી, ઉદયભાનુએ વિ૦ સં૦ ૧૫૬૫ માં વિક્રમસેન ચોપાઇ રચી કે જેના માટે રા. મણિભાઇ બકોરભાઇએ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

નોંધ કરી છે કે 'પાંચસેં છાસઠ ટુંકનો આ પ્રબંધ છે. દરેક રીતે તે શામળભટની વાતો સાથે હરીફાઇ કરે તેવો છે. આ પ્રબંધની રચના કોઇ પણ રીતે શામળભટ્ટની વાતોથી ઉતરતા પ્રકારની નથી'; ત્યારપછી[2] કુશલલાભે સં૦ ૧૬૧૬માં માધવ-કામકુંડલા પર રાસ, અને સં૦ ૧૬૧૭ માં મારુઢોલા પર ચોપાઇ; [3]દેવશીલે સં૦ ૧૬૧૯ માં વેતાલ પચવીશી અને હેમાનંદે તે જ નામનો ગ્રંથ સં૦ ૧૬૪૬ માં; ગુણમેરુસૂરિ શિષ્ય રત્નસુંદર ઉપાધ્યાયે પંચોપાખ્યાન ( પંચતંત્ર ) ચતુષ્પદી સં૦ ૧૬૨૨ માં સાણંદમાં અને શુકબહોતરી ઉર્ફે રસમંજરી સં૦ ૧૬૩૮ માં ખંભાતમાં, [4]વચ્છરાજે નીતિશાસ્ત્ર પંચાખ્યાન ( પંચતંત્ર ) ચોપઇ સં૦ ૧૬૪૮ માં; [5]હીરકલશે સિંહાસનબત્રીશી સં૦ ૧૬૩૬ માં; [6]મંગલમાણેકે વિક્રમાદિત્ય અને ખાપરા ચોરનો રાસ સં૦ ૧૬૩૮ માં; નરપતિ કવિએ વિક્રમાદિત્ય ચોપઇ સં૦ ૧૬૪૯ માં અને નંદબત્રીશી; [7]હેમરત્ને ગોરાવાદલ પદ્દમિણી કથા ચોપાઇ સં૦ ૧૬૬૦ માં; સારંગે ભોજપ્રબંધ ચોપાઇ સં૦ ૧૬૫૧ માં; અને બિલ્હિણ પંચાશિકા; અને કનકસુંદરે સં૦ ૧૬૬૭ માં સગાલશા રાસ; એમ અનેક કવિઓએ અનેક કૃતિઓ રચી છે. જૈનેતરમાં માત્ર એકાદ જેમકે સં૦ ૧૫૭૪ માં આમ્રપદ ( આમોદ )ના કાયસ્થ કવિ નરસાસુત ગણપતિએ માધવાનળની કથા ગૂજરાતીમાં બનાવેલી લોકકથા મળી આવી છે અને શોધ કરતાં બીજી પણ થોડી ઘણી મળી આવે. જો કે સત્તરમા શતકના ઘણાખરા મળેલા ગ્રંથો ધાર્મિક છે, પણ તેમાં આ લોકકથાના ગ્રંથ મળવાથી તેમાંથી લૌકિક બાબતો ઘણી પ્રાપ્ત થઇ શકે તેમ છે.

---

૨ કુશલલાભ-ખરતર ગચ્છના અભયધર્મ ઉપાધ્યાયના શિષ્ય. તેમણે ઉક્ત બે કથાઓ ઉપરાંત તેજસાર રાસ, વીરમગામમાં સં૦ ૧૬૨૪ માં અગડદત્તરાસ, નવકાર છંદ, ગોડી પાર્શ્વનાથ છંદાદિ રચેલ છે.

૩ દેવશીલ-તપાગચ્છના સૌભાગ્યસૂરિ શિ૦ સોમવિમલસૂરિ શિ૦ લક્ષ્મીભદ્ર શિ૦ ઉદયશીલ શિ૦ ચારિત્રશીલ શિ૦ પ્રમોદશીલના શિષ્ય. તેની આ કૃતિ રા. જગજીવનદાસ દયાલજી મોદીએ વડોદરામાં પ્રસિદ્ધ કરી છે

૪ વચ્છરાજ-પાર્શ્વચંદ્રસૂરિ-સમરચંદસૂરિ-રત્નચારિત્ર શિ૦ તેની અન્ય કૃતિઓ સં૦ ૧૬૪૨ માં ખંભાતમાં શાંતિનાથ ચરિત્ર.

૫ હીરકલશ-ખરતર દેવતિલક શિ૦ હર્ષપ્રભ શિ૦ અન્યકૃતિઓ સમ્યક્ત્વ કૌમુદી સં૦ ૧૬૨૪, કુમતિ વિધ્વંસ ચોપાઇ સં૦ ૧૬૦૭.

૬ મંગલમાણેક-આંચલિક ગચ્છના બિડાલંબ ગચ્છ, મુનિરત્નસૂરિ આનંદરત્નસૂરિ જ્ઞાનરત્ન ઉદયસાગર-ભાનુભટ્ટ શિ૦ તેણે વિશેષમાં અબંડ કથાનક ચોપાઇ સં. ૧૬૩૮ જેઠ શુદ ૧૫ ગુરુએ શરૂ કરી સં. ૧૬૩૯ માં કાર્તક શુદ ૧૩ ઉજ્જેણીમાં નિઝામનાં રાજ્યમાં પૂરી કરી છે.

૭ હેમરત્ન-પૌર્ણમિક ગચ્છ દેવતિક સૂરિ-જ્ઞાનતિલકસૂરિ-પદ્મરાજ ગણિ શિષ્ય. અન્યકૃતિ શીલવતી કથા સં૦ ૧૬૭૩ પાલીમાં બનાવી.

આ બધા જૈન શ્વેતામ્બર સાધુઓ છે. ગૂજરાતના શ્વેતામ્બર સાધુઓએ કથાસાહિત્ય માટે કેવી સેવા બજાવી છે તે માટે જર્મન ડૉક્ટર હર્ટલકૃત " ઑન ધી લિટરેચર ઑફ ધી શ્વેતાંબરાસ્ ઑફ ગુજરા. " એ નામનું ચોપાનીયું અવલોકવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

કેટલાકો એમ માનતા હતા અને માને છે કે ગૂજરાતીમાં વાર્ત્તાઓ લખનાર મૂળ કવિ શામળભટ્ટ આદિ છે; પરંતુ તેમની પહેલાંના જૈન રાસાઓમાંથી અનેક રાસાઓ વાર્ત્તાઓ રૂપે બનાવેલા મળી આવે છેઃ ઉપર એ વાત કર્ત્તાઓ અને તેમની કૃતિઓનો નામ નિર્દેશ કરી જણાવી છે; તે પરથી શામળભટ્ટને વાર્ત્તાઓના આદિરચયિતા નહિ કહી શકાય. વિશેષમાં એ પણ સંભવ છે કે ૧૮ મા શતકમાં થયેલા શામળભટ્ટે પોતાની વાર્ત્તાઓનાં મૂળ-વસ્તુ પણ પ્રાચીન જૈન કવિઓના વાર્ત્તારૂપે લખાયેલ રાસાઓ પરથી પ્રાયઃ લીધેલાં હોય. સં૦ ૧૫૭૨ માં સિંહકુશલે નંદબત્રીશી રચી છે કે જે ટુંકી છે, તેની સાથે સરખાવો શામળભટ્ટની નંદબત્રીશી કે જે વિસ્તારવાળી થયેલી છે. ઉપરોક્ત કુશલલાભની માધવાનળ અને કામકુંડલાની કથા સાથે સરખાવો શામળભટ્ટે રચેલી બત્રીશ પુતળીની વાર્ત્તામાંની ૨૬ મી માધવાનળની વાર્ત્તા, કે જે કેટલીક થોડી બાબતમાં જૂદી પડે છે; પણ તે શામળભટ્ટની કથા બહુ સંક્ષેપમાં છે અને ઝાઝા માલ વગરની છે.[૮] તેમ વૈતાળ પચીસી, સિંહાસન બત્રીશી, સુડાબહોતેરી વગેરે જેવી કૃતિઓ સાથે શામળભટ્ટની તે નામની કૃતિઓ સરખાવી શકાય. વખતે જૈન કવિઓએ જેમ લોકમાં પ્રચલિત કથાઓને એકત્રિત આકારમાં ગોઠવી સંગ્રહ કરી યા કોઇ અન્ય ભાષાના ગ્રંથોમાંથી સ્વ ભાષામાં ઉતારી હોય, તેવી રીતે શામળભટ્ટે પણ કર્યું હોય. લોકકથાના સાગર રૂપ કથાસરિત્સાગર, ક્ષેમંકર કૃત સિંહાસન દ્વાત્રિંશિકા અને સંસ્કૃત વેતાલ પંચવિંશતિ જૂની-પ્રાચીન કૃતિઓ છે.

કેટલાક એમ કહેતા હોય કે જૈન સાધુઓ શૃંગારરસથી યુક્ત કાવ્યને તે રચે યા રચવાનો દાવો કરે તો તે જૈન ધર્મનો દીક્ષિત યતિ જ ન કહેવાય[૯] તો આના ઉત્તરમાં જણાવવાનું કે ઉપરોક્ત કુશલલાભની માધવાનળની કથા શૃંગારરસથી ભરેલી ઉત્તમપ્રતિની વાર્ત્તા છે, એ રા. હરગોવિન્દદાસ કાંટાવાળાએ સ્વીકાર્યું છે. જૈન કવિઓ અલબત ઉઘાડો અમર્યાદિત શૃંગાર નહિ મૂકે, કે જેથી જેમ શામળભટ્ટને માટે નર્મદ કવિને કહેવું પડ્યું કેઃ ‘શામળભટ્ટે કેટલીક વાર્ત્તાઓ ન લખી હોત તો સારૂં’ તેમ જૈન કવિઓ માટે કહેવું નહિ જ પડે. “વિશેષમાં જૈન સાધુઓ જેમ અમુક સદ્‌ગુણનું પ્રતિપાદન કરે છે, તેમ આ ( માધવાનળની કથાના ) ગ્રંથમાં શીળનો મહિમા બતાવ્યો છે, એટલે તે બાબતમાં તે (જૈન કવિ) શામળભટ્ટ કરતાં ચઢે છે......આ કૃતિ શામળભટ્ટની પૂર્વેના શતકમાં રચાઇ હતી.” ( રા. હરગોવિન્દદાસ કાંટાવાળા )

આ કથા તેમ જ મારૂ ઢોલાની બંને જેસલમેરમાં ત્યાંના મહારાજા રાવળ માલદેવજીના પાટવી કુમાર શ્રી હરરાજજી ( કે જેમણે વિ૦ સં૦ ૧૬૧૮ થી ૧૬૩૪ સુધી જેસલમેરનું રાજ્ય કર્યું ) ના કુતૂહલ અને વિનોદ અર્થે બનાવેલ છે. મારૂઢોલાની ચોપાઇ સંબંધી એવી વાત છે કે હરરાજજીએ સં૦ ૧૬૧૭ માં અકબરનું સ્વામીત્વ સ્વીકારી

---

૮ સ્વ. ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલનો માધવાનળ કામકુંડલાની લોકકથાપર ‘સાહિત્ય’ માં આવેલ લેખ.

૯ લખપતિ શૃંગાર એ મથાળાનો લેખ. સ્વ. કવિ જીવરામ અજરામર ગોર. ગુજરાતી દીવાળી અંક સં૦ ૧૯૬૭.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દિલ્હી દરબારમાં જવા આવવા માંડયું હતું. એમણે પૃથ્વીરાજની કરેલ 'વેલિ' (કૃષ્ણ રૂકિમણીની વેલી) ૧૦નાં વખાણ સાંભળી પોતે યુવરાજ હતા ત્યારે અને પટ્ટાભિષેક થયા પછી જેસલમેરના સર્વે કવિ અને વિદ્વાનોને એકઠા કરી 'મારૂઢોલાની વાર્તાના પ્રાચીન દોહા એકઠા કરી તેને વાર્તાના આકારમાં યથાક્રમે ગોઠવી જે ઉત્તમ ગ્રંથ બનાવશે તેને હું ઇનામ આપીશ' એમ કહી કેટલાક ગ્રંથો રચાવેલા. પોતા પાસે તૈયાર હતા તેમાંથી સર્વોત્તમ જે ગ્રંથ બન્યો હતો તે બાદશાહને ભેટ ધર્યો. આ વાતને મારૂઢોલાની વાર્તા પર જેટલા ગ્રંથો બન્યા છે તે હરરાજજીની આજ્ઞાથી બન્યા છે એવું છ સાત ગ્રંથોની પ્રશસ્તિ પરથી જણાતાં ટેકો મળે છે. (વાક્‌સૌંદર્ય સં૦ ૧૯૭૩ માર્ગશીર્ષનો અંક).

આ રીતે આપણે આ મધ્યયુગના-સત્તરમા સૈકાના ખાસ વિશિષ્ટ ગુણો જોયા. જૈન કૃતિઓ અપ્રકટ હોવાના કારણે યા તે પર અલક્ષ હોવાના કારણે માત્ર જૈનેતર કૃતિઓ લઈ યુગોનાં લક્ષણો જૈનેતરો બાંધે અને તે માટે તેમજ અમુકના અમુક જૈનેતર ઉત્પાદક એમ સિદ્ધાન્તો ( theories ) ઘડે એ સ્વાભાવિક છે. પણ જે અત્ર ભારપૂર્વક નમ્ર વક્તવ્ય છે તે એ છે કે જૈન કૃતિઓ પર લક્ષ રાખવાથી તે સિદ્ધાંતો ખંડિત બની ચૈતન્યશૂન્ય થાય તેમ છે. ગૂર્જર વાગ્દેવીનાં બંને સંતાનો-જૈનેતર તેમજ જૈન-સમાન-દૃષ્ટિએ નિરખાવાં ઘટે. બંનેનો ફાળો સંયુક્ત અવિભક્ત પુંજી છે. કોઈ ઓછો, કોઈ વધુ ફાળો આપે, પણ એકેયનો અનાદર ન ઘટે. જૈનેતરોમાં સંસ્કૃત ભાષાપ્રત્યેના મોહને લીધે, યા મુસલમાનોના આક્રમણથી થયેલી હિન્દુ રાજ્યની પાયમાલીને કારણે ભાષાસાહિત્ય મુખ્યપણે ન ખીલ્યું હોય તો તે સંભવિત છે, તેમજ જૈનોમાં મુખ્યપણે ત્યાગી અને પરિભ્રમણશીલ સાધુઓ બ્રહ્મચર્ય સેવી વિદ્યાવ્યાસંગી રહી ભાષાસાહિત્યપ્રત્યેના મોહને લીધે તે વિશેષ ખીલવી શકયા હોય તે તદ્દન સંભવિત છે: સ્વ૦ રણજીતરામ વાવાભાઇ મહેતાએ સત્ય રીતે અને આગળ વધીને જણાવ્યું છે કે:—

"અલાઉદ્દીન ખીલજીના સરદારોએ ગુજરાતના હિંદુ રાજ્યને પાયમાલ કીધું ત્યાર પછી ચાલેલી અંધાધૂધીમાં નાસભાગ કરતા બ્રાહ્મણોએ શારદાસેવન ત્યજી દીધું, પણ મંદિરો-પ્રતિમા આદિની આશાતના થવા છતાં જૈનસાધુઓ પોતાના અભ્યાસમાં આસક્ત રહ્યા અને શારદા દેવીને અપૂજ ન થવા દીધી. આવા ધર્મપરાયણ અને વિદ્વાન સાધુઓને પાટે, અમદાવાદની સલતનત તૂટી ત્યારે, શ્રી હીરવિજયસૂરિ નામે સાધુ હતા. આગ્રે જઇ ઇબાદતખાનામાં અકબર બાદશાહ અને અન્ય ધર્મીઓને તેમણે જૈનધર્મનો મહિમા બતાવ્યો હતો.

૧૦ જુઓ ગુજરાતનો દીવાળી અંક સં૦ ૧૯૭૭ પૃ. ૬૬. 'રાઠોડ પૃથ્વીરાજ અને વેલી ક્રિસન રૂકમણીરી' એ નામનો લેખ. તેમાં તેનો રચ્યા સં૦ ૧૬૩૪ આપેલ છે ને ભાટ ચારણો આગળ પરીક્ષા માટે સં૦ ૧૬૪૪ માં મૂકેલ હોય એમ તેની છેલ્લી બે કડીઓ પરથી જણાય છે. જો આ કડીઓ પાછળથી ઉમેરી ન હોય ને પૃથ્વીરાજની સ્વરચિત હોય, તો પછી હરરાજજી તે કૃતિની સામે મૂકવા બીજી કૃતિ સં૦ ૧૬૧૭ માં ઉત્પન્ન કરાવવા માગે એ બંધબેસતું નથી. બાકી હરરાજજીના આનંદ માટે તે કૃતિ થઇ અને બનાવરાવી એ કથન સિદ્ધ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"આ ઇતિહાસ શું કહે છે? ગુજરાતના અગ્રગણ્ય નાગરિક જૈનોનો સૂર્ય ગુજરાતના હિન્દુ સામ્રાજ્ય દરમ્યાન મધ્યાહ્નમાં હતો અને હેમચંદ્રની માફક અમાસને દિવસે પ્રકાશોજ્જવલ પૂર્ણિમા આણવા સમર્થ હતો. તેઓ મહિનાઓના મહિના સુધી દરિયો ખેડી લાંબી સફરો કરી દેશદેશાવરની લક્ષ્મી લાવી ગુજરાતમાં ઢોળતા; પોતાનાં વીરત્વ અને વફાદારીથી રાજા પ્રજા ઉભયને સંકટ અને સૌભાગ્યના સમયમાં મદદ કરતા, અણહિલપુરની ગાદીનું ગૌરવ જાળવતા-વધારતા; બીજા દેવોનાં મંદિરો ખંડિયેર થઇ જતાં હતાં, છતાં સરસ્વતી દેવીનાં મંદિરો જૈન સાધુઓના ભીષ્મ પરિશ્રમને લીધે ઘંટનાદથી ગાજી રહ્યાં હતાં. દેલવાડાપરનાં વિમળશાહનાં દહેરાં જેવાં અનેક સૌંદર્યથી ગૂજરાત વિભૂષિત થતું હતું; રાજ્યની ઉથલપાથલો, અંધાધૂંધી, અને બીનસલામતી વારંવાર નડતી છતાં પોતાના ઉત્કૃષ્ટ વૈશ્ય ગુણોને લીધે ગૂજરાતનો વેપાર પડી ભાંગવા ન દીધો અને આજ પર્યંત વેપાર ખેડવાની લાયકાત અને શક્તિ તેજ રાખ્યાં."

(જૈનધર્મ પ્રકાશનો જ્યુબિલી અંક).

આટલું કહી હવે આપણે પ્રસ્તુત કવિનો પરિચય કરવા પ્રત્યે વળીશું.

## કવિનો પરિચય.

કવિ પોતાના જૂદા જૂદા ગ્રંથમાં નાની મોટી પ્રશસ્તિ આપી પોતાનો કંઇક પરિચય કરાવતા ગયા છે. તે પરથી સમજાય છે કે પોતાનો ગચ્છ જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંપ્રદાય પૈકી ખરતર ગચ્છ હતો. તે ગચ્છના ઉત્પાદક સંબંધી એવો ઉલ્લેખ કરે છે કેઃ—

"જૈનોના છેલ્લા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીની પટ્ટપરંપરાએ દેવાચાર્ય થયા, તેમના પટ્ટધર નેમિચંદ્ર, તેના પછી ઉદ્યોતનસૂરિ થયા. તેમણે આબુગિરિના એક શિખર પર અષ્ટમ તપ આદરી સૂરિમંત્ર આરાધ્યો. ત્યાર પછી વર્ધમાનસૂરિ થયા. તેના શિષ્ય જિનેશ્વરે ગૂજરાતના રાજા દુર્લભરાજ (સં૦ ૧૦૬૬ થી ૧૦૭૮) ની રાજ્યસભામાં શ્રી અણહિલ્લપુર (પાટણ) નગરે શ્વેતપટ (ચૈત્યવાસી) સાથે વાદ કરી તેઓનો પરાભવ કર્યો અને વસતિનો મનોહારી માર્ગ પ્રકટ કર્યો. તે સૂરિના પટ્ટધર સંવેગરંગશાલા નામની ગ્રંથના રચનાર જિનચંદ્રસૂરિ થયા અને તેના પછી પટ્ટધર, ખરતરગણનાયક, જૈન સિદ્ધાંત શાસ્ત્રો પૈકી નવ અંગ-આગમપર સંસ્કૃતમાં વૃત્તિ-ટીકા રચનાર અભયદેવસૂરિ થયા.[૧૧]

---

૧૧. વિક્રમની સત્તરમી શતાબ્દિમાં (સં૦ ૧૬૧૭) અભયદેવસૂરિ ખરતર હતા કે નહિ તે સંબંધી પાટણમાં જ તપાગચ્છના ધર્મસાગર ઉપાધ્યાય અને ખરતર ગચ્છના ધનરાજ ઉપાધ્યાયને જબરો ઝઘડો થયો હતો. ધર્મસાગરે એવું પ્રતિપાદન કરવા માગ્યું હતું કે ખરતર ગચ્છની ઉત્પત્તિ જિનેશ્વરસૂરિથી નહિ, પણ જિનદત્તસૂરિથી થઇ છે. અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થઇ શકતા નથી; જિનવલ્લભસૂરિએ શાસ્ત્ર વિરુદ્ધ પ્રરૂપણા કરી છે.—વગેરે ચર્ચાના વિષયો પોતાના ઔષ્ટ્રિક મતોત્સૂત્રદીપિકા નામના ગ્રંથમાં મૂકયા (રચ્યા સં૦ ૧૬૧૭.) આ ગ્રંથનું બીજું નામ પ્રવચન પરીક્ષા છે યા બંને જૂદા હોય-બંનેમાં વિષયો સરખા છે. તેમાંના એકનું બીજું નામ કુમતિકંદકુદ્દાલ છે. આથી બહુ હોહાકાર થયો. બે ગચ્છ વચ્ચે અથડામણી અને અંતે પ્રબળ વિખવાદ ઉત્પન્ન થતાં તે કયાં અટકશે એ વિચારવાનું રહ્યું.

વિ. ૬. ૨૦.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

"ત્યાર પછી તેમના શિષ્ય જિનવલ્લભસૂરિ થયા, તેમના પછી ૬૪ જોગણીને વશ કરનાર જિનદત્તસૂરિ થયા. તેના જિનચંદ્રસૂરિ, તેના પછી અનુક્રમે જિનપતિસૂરિ, જિનેશ્વરસૂરિ, જિનપ્રબોધસૂરિ અને જિનચંદ્રસૂરિ થયા. જિનચંદ્રસૂરિના આદેશથી તેજઃપાલે શાંતિનાથનું બિંબ બનાવ્યું, તેના પછી જિનકુશલસૂરિ (ખરતરગચ્છની પટ્ટાવલિમાં ૪૩ મા.) ત્યાર પછી જિનપદ્મ, જિનલબ્ધિ, જિનચંદ્ર, જિનોદય, જિનરાજ, જિનભદ્ર અનુક્રમે થયા. આ ૫૬ મા જિનભદ્રસૂરિએ જેસલમેર, જાબાલિપુર (જાલોર), દેવગિરિ, અહિપુર (નાગપુર નાગોર), અને પાટણમાં પુસ્તક ભંડારો કરાવ્યા. (પટ્ટધર પદ સં૦ ૧૪૭૫ અને મરણ સં૦ ૧૫૧૪). ત્યાર પછી ક્રમે જિનચંદ્ર, જિનસમુદ્ર, જિનમાણિક્ય થયા. જિનમાણિક્યના જિનચંદ્રસૂરિ થયા કે જે હાલ વિદ્યમાન છે. તે જિનચંદ્રસૂરિને અકબ્બર બાદશાહે આનંદથી 'યુગપ્રધાન' પદ આપ્યું."

ઉક્ત (૬૨ મા) જિનચંદ્રસૂરિના[૧૨] હસ્તદીક્ષિત મુખ્ય શિષ્ય સકલચંદ્ર

---

જોખમદાર આચાર્યોને વચ્ચે પડયા વગર ચાલે નહિ, તેથી તપાગચ્છના વિજયદાનસૂરિએ ઉક્ત કુમતિકંદકુદ્દાલ ગ્રંથ સભાસમક્ષ પાણીમાં બોળાવી દીધો હતો અને તે ગ્રંથની નકલ કોઇની પણ પાસે હોય તો, તે અપ્રમાણ ગ્રંથ છે માટે તેમાંનું કથન કોઇએ પ્રમાણભૂત માનવું નહિ, એવું જાહેર કર્યું હતું. ખરતરગચ્છવાળાએ પોતાના મતનું પ્રતિપાદન કરાવવા ભગિરથ પ્રયત્ન સેવ્યો હતો એ વાતના પ્રમાણમાં જણાવવાનું કે આપણા નાયક સમયસુંદર ઉપાધ્યાયજીના સં૦ ૧૬૭૨ માં રચેલા સામાચારી શતકમાં સં૦ ૧૬૧૭ માં પાટણમાં થયેલા એક પ્રમાણપત્રની નકલ આપેલી છે કે જેમાં એવી હકીકત છે કે અભયદેવસૂરિ ખરતર ગચ્છમાં થયેલા છે એ વાત પાટણના ૮૪ ગચ્છોવાળા માને છે, અને એ પ્રમાણપત્ર સાચું જણાય છે, અને તેનો હેતુ ઉપરનો કલહ-વાદ શમાવવા અર્થે હતો.

૧૨. જિનચંદ્રસૂરિ-ગોત્ર રીહડ, પિતા શ્રીવંત, માતા શ્રિયાદેવી. જ્ઞાતિ વણિક, તિમરી (તીવરી-જોધપુર રાજ્ય) ની પાસે આવેલા વડલી ગામમાં સં૦ ૧૫૯૫ માં જન્મ. માત્ર નવ વર્ષની ઉમરે સં૦ ૧૬૦૪ માં જૈન સાધુની દીક્ષા. ૧૭ વર્ષની વયે સં૦ ૧૬૧૨ ભાદ્રપદ સુદિ નવમી ગુરુવારે જેસલમેરમાં સૂરિપદ. તેમણે અકબર બાદશાહને જૈન ધર્મનો બોધ આપ્યો હતો અને બાદશાહે યુગમાં પ્રધાન પુરુષ સૂચક 'યુગપ્રધાન' પદ આપ્યું હતું. એમ કહેવાય છે કે બાદશાહને જૈનધર્મી-જૈનધર્મ પ્રશંસક બનાવ્યો હતો (**प्रबोधितो येन दया परेण ह्यकब्बराख्यः पतिसाहि मुख्यः**-જિનલાભસૂરિના સં૦ ૧૮૩૩ ના આત્મપ્રબોધની પ્રશસ્તિ). તેમને સકલચંદ્ર ઉપાધ્યાય ઉપરાન્ત ૯૫ શિષ્યો હતા-તેમાં મુખ્ય સમયરાજ, મહિમારાજ, ધર્મ, નિધાન, રત્નનિધાન, જ્ઞાનવિમલ વિગેરે હતા. તેમનો સ્વર્ગવાસ વેનાતટે (બિલાડા-મારવાડ) સં૦ ૧૬૭૦ ના અશ્વિન વદિ બીજના દિને થયો. (જુઓ ઇંડિયન એંટિકવરીમાં આપેલ ખરતર ગચ્છની પટ્ટાવલિ-મારૂં ભાષાન્તર, સનાતન જૈનના ૧૯૦૭ ના જુલાઇના અંકમાં. વધુ માટે જુઓ રત્નસાગર ભાગ ૨ જો પૃ૦ ૧૨૫) તેમણે પોતાની પાસે ગેલી નામની શ્રાવિકાએ સં૦ ૧૬૩૩ ફા૦ વદ ૫ ને દિને બાર વ્રત સ્વેચ્છા પ્રમાણે ગ્રહણ કર્યા તે સંબંધી 'ઇચ્છા પરિણામ ટિપ્પનક' યા બાર વ્રતનો રાસ ભાષામાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઉપાધ્યાય[૧૩] થયા અને તેના શિષ્ય તરીકે હું, સમયસુંદર વાચક-ઉપાધ્યાય થયો. ( જુઓ સં૦ ૧૬૭૬ માં રચેલી અર્થરત્નાવલી અથવા અષ્ટલક્ષીની પ્રશસ્તિ પીટર્સન ચતુર્થ રીપોર્ટ. નં. ૧૧૭૪-પૃ૦ ૬૮. )

આ રીતે પોતાની ગુરુપરંપરા પોતે આપી છે તે અત્ર જણાવી. પોતે પોતાના ગચ્છનું નામ બૃહત્ ખરતર ગચ્છ આપેલું છે કારણ કે ખરતર ગચ્છમાં પોતાના સમય સુધીમાં અનેક શાખાઓ મૂળ વૃક્ષમાંથી નીકળી હતી અને પોતાનું મૂળ વૃક્ષમાંથી ચાલી આવેલ થડ બતાવવા ' બૃહત્ ' શબ્દ યોજેલ છે.

સં૦ ૧૬૪૯ ના ફાગણ સુદિ ૨ ને દિને યુગપ્રધાન જિનચંદ્રસૂરિએ અકબ્બર બાદશાહના કહેવાથી લાહોરમાં ( લાભપુરમાં ) માનસિંહને આચાર્યપદ આપી તેમનું નામ જિનસિંહસૂરિ[૧૪] રાખ્યું, તે સમયે તેજ જિનચંદ્રસૂરિએ સ્વહસ્તે કવિ સમયસુંદર તથા ગુણ-

સં૦ ૧૬૩૩ માં બનાવ્યો છે. વળી મેડતામાં જેને હાલ ' લોઢાંરો મંદિર ' કહેવામાં આવે છે તેમાં ચિંતામણી પ્રાર્શ્વનાથની પ્રતિમાની તેમણે સં૦ ૧૬૬૯ ના માઘ શુદિ ૫ શુક્રવારે મહારાજા સૂર્યસિંહના રાજ્યમાં પ્રતિષ્ઠા કરી છે ( પ્રાચીન લેખ સંગ્રહ ભા૦ ૨ પૃ૦ ૩૦૭ ). તેમના જ સમયમાં તેમના અનુયાયી ભક્ત, પ્રખ્યાત કર્મચંદ્ર મંત્રીએ સં૦ ૧૬૩૫ ના ભયંકર દુકાળના વખતમાં સવાકરોડ રૂપીઆ ખર્ચી સત્રાકારો બંધાવી બહુ જનોને બચાવ્યા હતા અને તે કર્મચંદ્રે તેમનો યુગપ્રધાન મહોત્સવ-તેમના શિષ્ય જિનસિંહસૂરિનો આચાર્ય પદ મહોત્સવ અતિ દ્રવ્ય ખર્ચી સં૦ ૧૬૪૯ માં ઉજવ્યો હતો. વળી તેમના સમયમાં સોમજી અને શિવજી એ બે પ્રસિદ્ધ શ્રાવકોએ રાણકપુર, ગિરનાર, આબુ, ગોડીપાર્શ્વનાથ અને શત્રુંજય એ પાંચ જૈન તીર્થોએ સંઘ કાઢી લઇ ગયા હતા. ( જુઓ સમયસુંદરની કલ્પસૂત્ર ટીકાની પ્રશસ્તિ ). આ કર્મચંદ્ર મંત્રીએ સધર નગરમાં જિનકુશલસૂરિનો મોટો સ્થૂભ સં૦ ૧૬૫૫ મહા શુદ ૧૦ મે કરાવ્યો. તે સિવાય બીજાં સ્થળોએ તેમના અનેક સ્થૂભ કરાવ્યા હતા.

૧૩ સકલચંદ્ર ગણી-તેઓ વિદ્વાન પંડિત અને શિલ્પશાસ્ત્રમાં કુશલ હતા. પ્રતિષ્ઠાકલ્પ શ્લોક ૧૧૦૦૦, જિનવલ્લભ સૂરિકૃત ધર્માંશક્ષા પર વૃત્તિ ( પત્ર ૧૨૮ ), અને પ્રાકૃતમાં હિતાચરણ નામના ઔપદેશિક ગ્રંથ પર વૃત્તિ ૧૨૪૩૯ શ્લોકમાં સં૦ ૧૬૩૦ માં રચેલ છે.

૧૪. જિનસિંહ સૂરિ-પિતા ચાંપસી, માતા ચતુરંગાદેવી, ગોત્ર ગણધર ચોપડા, વણિક જ્ઞાતિ. જન્મ ખેસર ( ખેતાસર ) ગામમાં સં૦ ૧૬૧૫ ના માગશર સુદિ પૂર્ણિમાને દિને; તેમનું મૂલ નામ માનસિંહ. દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૨૩ ના માગશર વદિ ૫ ને દિને; વાચક ઉપાધ્યાય પદ જેસલમેરમાં સં ૧૬૪૦ ના માઘ શુદિ ૫ ને દિને; સૂરિપદ લાહોરમાં સં૦ ૧૬૪૯ ના ફાલ્ગુન સુદિ ૨ ને દિને. અકબ્બર બાદશાહને મળવા માટે કાશ્મીરમાં કઠિન વિહાર ( મુસાફરી ) કર્યો હતો, વાર, સિંદૂર અને ગજ્જણા ( ગિઝની ) આદિ દેશોમાં પણ તેમણે અમારિ એટલે જીવદયા—અહિંસા પ્રવર્તાવરાવી હતી. અકબ્બર બાદશાહે પોતાના રાજવહિવટના છેલ્લા વર્ષમાં ( સં૦ ૧૬૬૦ માં ) દસ્તાવેજ કરી ફરમાન કરી આપ્યું હતું કે ભાદરવા શુદ ૯ થી ભાદરવા શુદ ૧૫ સુધી પોતાના સંપૂર્ણ રાજ્યમાં જીવહિંસા બંધ રાખવી. ત્યાર પછી જહાંગીર બાદશાહે તેમને ' યુગપ્રધાન ' પદ આપ્યું

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

વિનય એ બે સાધુઓને ઉપાધ્યાય પદ આપ્યું. આ વાત ઉક્ત ગુણવિનય[૧૫] ઉપાધ્યાયે જ સં૦ ૧૬૫૫ માં રચેલા કર્મચંદ્ર મંત્રિવંશ પ્રબંધ-કર્મચંદ્રવંશાવલિ પ્રબંધમાં આપેલી છે. કે જે કર્મચંદ્ર મંત્રીએ આ આચાર્ય મહોત્સવ કરેલો. આ સમયે જ જિનચંદ્રસૂરિને યુગ-પ્રધાનપદ મળેલું જણાય છે.

> વાચક પદ ગુણ વિનયનઇ, સમયસુંદરનઇ દીધઉ રે
> યુગ પ્રધાનજીનઈ કરઇ, જાણિ રસાયણ સીધઉ રે
>
> —શ્રી જિન શાસન ચિર જયઉ.

આ ઉત્સવના શુભ કાર્યના ઉપલક્ષમાં બાદશાહ અકબ્બરે ખંભાતના બંદર ઉપર એક વર્ષ સુધી કોઇ મગર કે માછલીઓ ન મારે એવો હુકમ બહાર પાડયો હતો. તેમ લાહોરમાં પણ એક દિવસ કોઇએ પણ જીવની હિંસા નહિ કરવાની આજ્ઞા ફેરવી દીધી હતી. (જુઓ ઉક્ત પ્રબંધ ઐતિહાસિક રાસમાળા ભા૦ ૩; જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય.) જુઓ પં૦ જયસોમ કૃત સંસ્કૃતમાં કર્મચંદ્ર મંત્રી પ્રબંધ. ઉક્ત જિનસિંહ સૂરિએ બાદશાહ પર પોતાનો પ્રભાવ પાડી તેની પાસેથી આષાઢ શુદિ ૯ થી આષાઢ શુદિ ૧૫ સુધીના સાત દિવસોમાં બીલકુલ જીવવધ ન થાય એવું ફરમાન મેળવ્યું હતું. આ અસલી ફરમાન પત્ર હાથ આવ્યું છે ને તે હિન્દી 'સરસ્વતી' માસિકના જૂન, સને ૧૯૧૨ ના અંકમાં છપાયું છે. આમાં હીરવિજય સૂરિના ઉપદેશથી પર્યુષણના આઠ અને બીજા ચાર એમ બાર દિવસો સુધીમાં જીવવધના નિર્બંધ માટે ફરમાન આપ્યું છે તેનો પણ ઉલ્લેખ કર્યો છે.

જિનચંદ્રસૂરિ એક પ્રભાવક મહાપુરુષ હતા. તેમનાં જ્ઞાન અને આચારની ખ્યાતિ અકબ્બર બાદશાહે ઉક્ત કર્મચંદ્ર બછાવત પાસેથી સાંભળી પોતાની કલમવડે ફરમાન (વિનતિ) પંજાબના લાહોર નગરથી લખી અને પોતાના ખાસ મરજી દાન ઉમરાવો તે

---

હતું. પટ્ટધર જિનચંદ્ર સૂરિ સ્વર્ગસ્થ થતાં વેનાતટમાં (બિલાડા મારવાડમાં) ગચ્છનાયક પદ સં૦ ૧૬૭૦ ના પૌષ વદિ ૧૩ ને દિને મેડતામાં થયો. (જુઓ ઉપરોક્ત ખરતર ગચ્છ પટ્ટાવલિ; સનાતન જૈન, જુલાઇ ૧૯૦૭, રત્નસાગર ભા૦ ૨ પૃ૦ ૧૨૭; જ્ઞાનવિમલકૃત સં૦ ૧૬૫૪ ની શબ્દપ્રભેદ વૃત્તિમાંની ગુરુપટ્ટાવલિ; પીટર્સન રીપોર્ટ બીજો પૃ૦ ૬૫) તેમની પાટે જિનરાજ સૂરિ (બીજા) આવ્યા.

૧૫. ગુણવિનય વાચક-તેમણે ભાષામાં આ પ્રબંધ ઉપરાન્ત અંજનાસુંદરી પ્રબંધ સં૦ ૧૬૬૨ ના ચૈત્ર શુદ ૧૩ બુધે; ગુણસુંદરી ચોપઇ; અંચલમત સ્વરૂપ વર્ણન રાસ સં૦ ૧૬૭૪ માઘ શુદ ૬ રવિવારે માલપુરમાં રચેલ છે. ખરતર ગચ્છની ક્ષેમ શાખામાં ક્ષેમરાજ ઉપાધ્યાયના પ્રબોધમાણિક્ય શિષ્ય, તેના જયસોમ, અને તેના તેઓ શિષ્ય થાય. આ કવિએ સંસ્કૃતમાં પણ અનેક ગ્રંથો રચ્યા છે તે પૈકી ખંડ પ્રશસ્તિ કાવ્ય ટીકા સં૦ ૧૬૪૧, દમયંતી ચંપૂ ટીકા સં૦ ૧૬૪૬, રઘુવંશ ટીકા સં૦ ૧૬૪૬, વૈરાગ્યશતક ટીકા સં૦ ૧૬૪૭, ઇંદ્રિય પરાજયશતક વૃત્તિ સં૦ ૧૬૬૪, ઉત્સૂત્રોદ્‌ઘટ્ટન કુલક ખંડન સં૦ ૧૬૬૫ કે જેમાં ઉપરોક્ત ધર્મસાગર ઉપાધ્યાયના મતનું ખંડન કરેલું જણાય છે, સંબોધસત્તરી ટીકા, લઘુ-અજિતશાંતિ સ્તોત્ર ટીકા છે. આ ઉપરથી તેઓ સત્તરમા સૈકામાં એક વિદ્વાન્ ટીકાકાર અને સાક્ષર હતા એ વાત નિર્વિવાદ સ્થાપિત છે. (વધુ માટે જુઓ ઐ૦ રાસસંગ્રહ ભાગ ૩ જો)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ગુરુને બોલાવવા માટે મોકલ્યા. તે વખતે તે ગુરુના ૮૪ શિષ્યમાં મુખ્ય સકલચંદ્ર ઉપાધ્યાયના શિષ્ય પંડિત સમયસુંદરજી પણ વિહારમાં સાથે હતા. તે વિહાર ક્યાંથી ક્યાં કર્યો અને લાહોરમાં આવ્યા પછી ઉપરોક્ત મહોત્સવ કેમ થયો એ સંબંધી સમયસુંદરે જ 'ગુરુ ગુણ છંદ અષ્ટક' હિન્દીમાં બનાવેલ છે તે અત્ર જણાવીશું.

૧૬ સંતનકી મુખ વાણિ સુણી જિનચંદ મુણિંદ મહંત જતી,
તપજપ કરૈ ગુરુ ગુજ્જરમૈં પ્રતિબોધત હૈ ભવિકું સુમતી,
તબહી ચિતચાહન ચૂંપ ભઇ સમયસુંદરકે ગુરૂ ગચ્છપતી,
ભેજૈ પતસાહ અકબ્બરી છાપ બોલાયે ગુરૂ ગજરાજ ગતી. ૧

એજી ગુજ્જરતેં ગુરુરાજ ચલે વિચમેં ચોમાસ જાલોર રહે,
મેદનીતટમેં મંડાણ કિયો ગુરુ નાગોર આદરમાંન લહે,
મારવાડરિણી ગુરૂવંદનકોં તરસૈ સરસૈ વિચ વેગ વહૈ,
હરખ્યો સંઘ લાહોર આયે ગુરૂ પતસાહ અકબ્બર પાંવ ગહૈં. ૨

એજી સાહ અકબ્બરી વબ્બરકે ગુરૂ સૂરત દેખત હી હરખૈ,
હમ જોગી જતી સિદ્ધ સાધ વ્રતી સબહી ખટ દરસન કૈ નિરખૈ,
ટોપી બસડમાવાસ ચંદ ઉદય અજ તીન બતાય કલા પરખૈ,
તપ જપ દયા દર્મ ધારણકોં જગ કોઇ નહીં ઇનકૈ સરખૈ. ૩

ગુરૂ અમૃતવાણિ સુણી સુલતાન એસા પતસાહ હુકમ્મ કિયા,
સબ આલમ માંહિ અમાર પવાય બોલાય ગુરૂ ફુરમાણ દિયા,
જગજીવ દયા ધર્મ દાક્ષણતેં જિન સાસનમૈં જુ સોભાગ લિયા,
સમયસુંદર કહૈ ગુણવંત ગુરૂ દગ દેખત હરખત ભવ્ય હિયા. ૪

એજી શ્રીજી ગુરૂ ધર્મ ધ્યાન મિલૈ સુલતાન સલેમ અરજ્જ કરી,
ગુરૂ જીવ દયા નિત પ્રેમ ધરૈ ચિત અંદર પ્રીતિ પ્રતીતિ ધરી,
કર્મચંદ બુલાય દિયો ફુરમાણ છોડાય ખંભાયતકી મચ્છરી,
સમયસુંદર કે સબ લોકનમૈં નિત ખરતર ગચ્છકી ખ્યાતિ ખરી. ૫

એજી શ્રી જિનદત્ત ચરિત્ર સુણી પતસાહ ભયે ગુરૂ રાજિયે રે,
ઉમરાવ સબૈ કર જોડ ખડે પભણે અપણે મુખ હાજિયે રે,

૧૬. ૨. મેદનીતટ–મેડતા; મારવાડરિણી–મારવાડની સ્ત્રીઓ. ૩. ટોપી......હરખે–આનો અર્થ બરાબર સમજાતો નથી, પણ એમાં એમ હોવાનો સંભવ છે કે ટોપી ઉડાડી અધર રાખી હોય, અમાવાસને દિને ચંદ્રનો ઉદય બતાવ્યો હોય અને ત્રણ બકરાં બતાવી ચમત્કાર બતાવ્યા હતા. ૪. ભવ્ય—પાઠાંતર હોત. મચ્છરી—માછલી પકડવાનું ખંભાતમાં થતું હતું તે ફરમાનથી દૂર કરાવ્યું. ૬–ચામર છત્ર......જિયંરે–પાઠાંતર–જુગપ્રધાનકાએ ગુરૂદૂં ગિગડદું ગિગડદું ધુંધું બાજીયેરે સમયસુંદર કે ગુરૂ માન ગુરૂ, પતિસાહ અકબ્બર ગાજીયેરે. ( જૈન સંપ્રદાય શિક્ષા પૃ. ૬૪૯ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ચામર છત્ર મુરા તબ ભેટ ગિગડદૂં ધૂંધૂં બાજિયે રે,
સમયસુંદર તૂહી જગત્ર ગુરૂ પતસાહ અકબ્બર ગાજિયે રે. ૬
હેજી જ્ઞાન વિજ્ઞાન કલા ગુણ દેખ મેરા મન સદ્દગુરૂ રીઝીયેજી,
હુમાયૂકા નંદન એમ અખૈ, અબ સિંઘ (માનસિંઘ) પટોધર કીજીયેજી,
પતસાહ હજૂર થપ્યોં સંઘ સૂરિ મંડાણ મંત્રીશ્વર વીંઝીયેજી,
જિણચંદ પટે જિણસિંહ સૂરિ: ચંદ સૂરજ જૂં પ્રતપીજીયેજી. ૭
હેજી રીહડવંસ વિભૂષણ હંસ ખરતર ગચ્છ સમુદ્ર શશી,
પ્રતપ્યો જિન માણિક્ય સૂરિ કૈ પાટ પ્રભાકર જ્યૂં પ્રણમૂં ઉલસી,
મન શુદ્ધ અકબ્બર માંનત હૈ જગ જાણત હૈ પરતીત એસી,
જિનચંદ મુણીંદ ચિરં પ્રતપો સમયસુંદર દેત આશીશ એસી.× ૮

આ પરથી એમ અનુમાન થાય છે કે જિનચંદ્રસૂરિ, અકબર બાદશાહે બોલાવવાથી ગૂજરાતમાં હતા ત્યાંથી અનેક શિષ્યો સાથે લઇ ગયા તેમાં સમયસુંદર હતા. ગૂજરાતમાંથી વિહાર કરતાં પહેલાં જાલોર, ત્યાંથી મેદિનીતટ મેડતા, નાગોર એમ મારવાડમાંથી પસાર થઇને લાહોર આવ્યા.

સં૦ ૧૬૪૯ પહેલાં તો સમયસુંદર ગૂજરાતમાં જ રહ્યા હતા અને સં૦ ૧૬૪૯ માં લાહોર આવી ઉપાધ્યાય પદ મેળવી પછી તે બાજુ ને વિશેષમાં મેવાડ-મારવાડમાં પ્રવાસ કર્યો છે, અને તેથી તેમની મુખ્ય ગૂજરાતી ભાષામાં અનેક દેશોના પ્રાન્તીય શબ્દો, માર-વાડી શબ્દો, ફારસી શબ્દો જોવામાં આવે છે. આ વાત તેમણે જે ગ્રંથો રચ્યા તેના નિર્દિષ્ટ સ્થલપરથી-તે ગ્રંથોપરથી જણાઇ આવે છે.

સં૦ ૧૬૫૮ અમદાવાદ, સં૦ ૧૬૫૯ ખંભાત, સં૦ ૧૬૬૨ સાંગાનેર, સં૦ ૧૬૬૫ આગ્રા, સં૦ ૧૬૬૭ મરોટ, સં૦ ૧૬૬૮ મુલતાન, સં૦ ૧૬૭૨ અને ૧૬૭૩ મેડતા. સં૦

---

×આ અષ્ટક 'મહાજન વંશ મુક્તાવલિ'-ઉ૦ રામલાલ ગણી. રાંઘડી વિદ્યાશાલા બીકાનેરમાંથી તેની પ્રસ્તાવના પૃ૦ ૫-૬ પરથી ઉતારેલું છે. તેમાં વિશેષ જણાવ્યું છે કે "આ વખતે નકાસ (ચિતારા) એ તસવીર બાદશાહ અને ગુરુમહારાજની ઉતારી તે બીકાનેરના ખરતર ભટ્ટારક શ્રી પૂજપજી પાસે મોજૂદ છે. ચિતારાએ બાદશાહ અકબ્બરની સભામાંથી બાદશાહની પાછળ મુખ્ય ૩ તસબીર વખી છે. બિરબલ, કરમચંદ બછાવત, તથા કાજી ખાનખા; અને શ્રી ગુરુ મહારાજના સર્વ સાધુ સમુદાયમાંથી ૩ ત્રણ સાધુ નામ લખ્યાં છે:-વેષહર્ષ (ખરૂં નામ વિવેકહર્ષ) પરમાનંદ, તથા સમયસુંદર." આ છબી પ્રકટ થાય તો ઘણો પ્રકાશ પડે અને કવિ સમયસુંદરની તસબીર મળી આવે. આવીજ છબી તપાગચ્છીય હીરવિજય સૂરિની તે વખતની પ્રકટ થઇ છે (જુઓ સાક્ષર શ્રી જિનવિજ-યજીએ કૃપારસકોશની લખેલી ભૂમિકા સાથે પ્રકટ કરેલ છબી. તેમાં પણ અકબ્બર સાથે ત્રણ અમીરાદિ, અને હીરવિજય સાથે ત્રણ જૈન સાધુઓ છે. આ અને ઉપરની છબી બંને એક તો નથી એમ શંકા રહે છે. વળી આ અષ્ટક જૈન સંપ્રદાય શિક્ષા (યતિ શ્રી પાલ-ચંદ્રની) માં પૃ૦ ૬૪૯ ની ટિપ્પણીમાં પ્રકટ થયું છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૧૬૭૪ માં જિનચંદ્રસૂરિ મેડતામાં સ્વર્ગસ્થ થયા ને જિનરાજસૂરિને ૧૬* તેમની ગાદી ત્યાં મળી. સં. ૧૬૭૬ માગશર માસમાં રાણકપુર ( સાદડી પાસે ) ની જાત્રા કરી. [ તે રાણકપુરની જાત્રા વખતે કરેલા સ્તવનમાં તેના મંદિરનું વર્ણન આપ્યું છે કે ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ ( ચોમુખ ) પ્રતિમા, તે દેહરાનું નામ ત્રિભુવન દીપક. ૮૪ દેરી, ભોંયરાં મેવાડ દેશમાં ૯૯ લાખ ખર્ચી પોરવાડ ધરણાકે બંધાવ્યું. ત્યાં ખરતર વસતિ છે ને તે ઉપરાત બીજા પ્રાસાદ છે. ] અને તે વર્ષમાં લાહોર ગયા, સં૦ ૧૬૮૧ જેસલમેરમાં હતા. આની પછી સં૦ ૧૬૮૨ માં જેસલમેર પાસેના પાંચ ગાઉ પરના-અસલ રાજ્યધાની લોદ્રવપુરમાં રહેતા૧૭ થેરૂ ભણશાલીએ જેસલમેરથી શત્રુંજય પર જવાનો સંઘ કાઢયો.

---

૧૬*. જિનરાજસૂરિ-(બીજા) પિતા શા ધર્મસી, માતા ધારલદે, ગોત્ર બોહિત્થરો જન્મ સં૦ ૧૬૪૭ વૈ. શુદ. ૭, દીક્ષા બીકાનેરમાં સં૦ ૧૬૫૬ ના માર્ગશીર્ષ શુદિ ૩, દીક્ષાનામ રાજસમુદ્ર, વાચક ( ઉપાધ્યાય ) પદ સં૦ ૧૬૬૮, અને સૂરિપદ મેડતામાં સં૦ ૧૬૭૪ ના ફાગણ શુદ ૭ ને દિને થયું. તે મહોત્સવ ત્યાંના ચોપડા ગોત્રિયસાહ આસકરણે કર્યો. તેમણે ઘણી પ્રતિષ્ઠાઓ કરી-દાખલા તરીકે સં૦ ૧૬૭૫ ના વૈશાખ શુદિ ૧૩ શુક્રે શત્રુંજય ઉપર અષ્ટમ ઉદ્ધારકારક અમદાવાદના સંઘવી સોમજી શિવજીએ ઋષભ અને બીજા જિનોની ૫૦૧ મૂર્તિઓ બનાવરાવી તેની પ્રતિષ્ઠા કરી. ભાણવડમાં પાર્શ્વનાથની પ્રતિમાની સ્થાપના કરી હતી. સં૦ ૧૬૭૭ જેઠ વદિ ૫ ગુરુવારે જહાંગીરના રાજ્યમાં અને શાહજાદા શાહજહાના સમયમાં ઉક્ત આસકરણે બનાવેલા મમ્માણી ( સંગેમર્મર ) ના પથ્થરના સુંદર વિહાર ( મંદિર ) માં મેડતામાં શાંતિનાથની મૂર્તિની પ્રતિષ્ઠા કરી. એવું કહેવાય છે કે તેમને અંબિકા દેવીએ વર આપ્યો હતો. તેઓ પાટણમાં સં૦ ૧૬૯૯ ના આષાઢ શુદિ ૯ ને દિને સ્વર્ગસ્થ થયા. તેમણે નૈષધીય કાવ્યપર જૈનરાજી નામની વૃત્તિ રચી છે અને બીજા ગ્રંથો રચ્યા છે. તેમના કહેવાથી મતિસારે ધન્ય શાલિભદ્રનો રાસ સં૦ ૧૬૭૮ આસો વદિ ૬ ને દિને ખંભાતમાં રચ્યો છે.

૧૭. થેરૂ ભણશાલી સંબંધી એવું કહેવાય છે કે તે લોદ્રવપુર ( હાલનું લોધરા ) માં ઘીનો વેપાર કરતો હતો. એક ઘીનું પાત્ર લઇ ભડવારણ વેચવા આવી, તેની નીચે હરીવેલ હતી. આથી તે પાત્ર નીચેની ઇંઢોણી સાથે હતી, તે ઇંઢોણી લઇને થેરૂશાહે ફેંકી દીધી, પછી તેમાંથી તે વેલ લઈ તેના પ્રતાપે અખૂટ ઘીથી અઢળક સંપત્તિ તેણે પ્રાપ્ત કરી. આ વાત તેણે જિનસિંહસૂરિને કહી. ગુરુએ સુકૃતાર્થ કરવા કહ્યું ત્યારે થેરૂએ ત્યાં થઇ ગયેલા ધીરરાજા ( ધીરજી ભાટી ) એ સં૦ ૧૧૯૬ પછી બંધાવેલા લોધરામાંના સહસ્રફણા પાર્શ્વનાથના મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, તેમાં વિશાલપ્રતિમા સ્થાપન કરી અને પોતાની બે પત્ની તથા બે પુત્રના કલ્યાણાર્થે ચાર બાજુએ ચાર દેવકુલિકાઓ બંધાવી આની પ્રતિષ્ઠા નૈષધકાવ્ય ઉપર જૈનરાજી નામની ટીકાના કર્ત્તા મહા વિદ્વાન્ આચાર્ય જિનરાજસૂરિએ સં૦ ૧૬૭૫ માં કરેલી છે. વિશેષમાં થેરૂશાહે જ્ઞાનભંડાર કરાવ્યા અને નવરત્નોનાં જિનબિંબ કરાવ્યાં. ક્રોડો રૂપીઆ ખર્ચ્યા. ત્યાર પછી શત્રુંજયનો સંઘ સં૦ ૧૬૮૨ માં કાઢયો. આની પહેલાં બાદશાહ અકબ્બરે થેરૂશાહને દિલ્હી બોલાવી ઘણું માન આપ્યું. થેરૂશાહે નવ હાથી પાંચસે ઘોડા નજર કર્યા ત્યારે બાદશાહે 'રાયજાદા' નો ખિતાબ બક્ષ્યો. આથી આની ઓલાદ 'રાયભણશાલી' કહેવાય છે. આગ્રામાં મોટું જિનમંદિર કરાવ્યું કે

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આમાં શ્રી જિનરાજસૂરિપ્રમુખ અનેક આચાર્ય સાથે હતા અને સમયસુંદર ઉપાધ્યાય પણ આ સંઘમાં ગયા હતા. આ સંઘ શત્રુંજયની યાત્રા કરી આવ્યો-સં૦ ૧૬૮૨. પછી સમયસુંદર ૧૬૮૨ માં નાગોર આવ્યા, કે જ્યાં શત્રુંજય રાસ રચ્યો. ત્યાંથી સં૦ ૧૬૮૩ મેડતામાં, સં૦ ૧૬૮૫ લૂણકર્ણસર, સં૦ ૧૬૮૭ પાટણ. આ વર્ષમાં ભારે દુકાળ પડયો હતો કે જેનું વર્ણન તેમણે ચંપક ચોપઇમાં કર્યું છે. સં. ૧૬૯૧ ખંભાત, સં૦ ૧૬૯૪ અને ૧૬૯૫ જાલોર, સં૦ ૧૬૯૬ અમદાવાદ, સં૦ ૧૬૯૮ અહમદપુર ( અમદાવાદ ); એ રીતે એ સ્થલોએ આપણા કવિએ અચૂક નિવાસ કર્યો હતો.

આ ઉપરાંત સમેતશિખર ( જેને હાલ કેટલાક પાર્શ્વનાથહિલ કહે છે ), ચંપા, પાવાપુરી, ફ્લોધી ( મારવાડ ), નાદોલ, વીકાનેર, આબુ, શંખેશ્વર, જીરાવલા, ગોડી, વરકાણા, અંતરીક્ષ પાર્શ્વનાથ, તેમ જ ગિરનાર વગેરે અનેક જૈન તીર્થોની જાત્રા કરી હતી. ૧૭* જેસલમેરમાં પોતે ઘણાં વર્ષો ગાળ્યાં લાગે છે.

---

જે હાલ મોજૂદ છે. ભણશાલી એ મૂળ નામ એ રીતે પડયું કે લોદ્રપુરના યદુવંશી ધીરાજી ભાટી રાજાના પુત્ર સગરની માતાને બ્રહ્મરાક્ષસ લાગ્યો હતો તેને સં૦ ૧૧૯૬ માં ખરતર ગચ્છના ચમત્કારી આચાર્ય જિનદત્તસૂરીએ કાઢયો તેથી રાજા કુટુંબ સહિત જૈન થયો અને તેના પર આચાર્યે જૈનત્વની ક્રિયારૂપે ભંડશાલમાં વાસક્ષેપ કર્યો તેથી તેનું ગોત્ર ભંડશાલી ( ભણશાલી ) સ્થાપિત થયું, અને તેના આ વંશજ થેરૂશાહ થયા. આ રીતે મૂલ ભણશાલી જૈન હતા. જુઓ મહાજન વંશ મુક્તાવલિ ૨૯-૩૦.

૧૭* જેસલમેર-આનો કિલ્લો રાજસ્થાનમાં પ્રસિદ્ધ છે. યદુવંશી ભટ્ટી મહારાઉલોએ લોદ્રપુરથી આવી સં૦ ૧૨૧૨ માં બાંધ્યો. ખરતર ગચ્છના શ્વેતામ્બરી સાધુઓનો આ પ્રબલ નિવાસરૂપ હતો. જિનરાજ, જિનવર્ધન, જિનભદ્ર આદિ સૂરિયોએ અનેક જૈન દેવાલયોની પ્રતિષ્ઠા કરી છે. કિલ્લા પર આઠ જૈન મંદિર છે; તે પૈકી મુખ્ય ચિંતામણી પાર્શ્વનાથનું છે-સં૦ ૧૪૫૮ માં જિનરાજસૂરિના આદેશથી તેનાં ગર્ભગૃહમાં સાગરચંદ્રસૂરીએ પ્રતિમા સ્થાપિત કરી, અને સં૦ ૧૪૭૩ માં રાઉલ લક્ષ્મણસિંહના સમયે સંપૂર્ણ થયું. તે રાજાના નામપરથી તેનું નામ લક્ષ્મણવિહાર રાખ્યું ને તેમાં જિનવર્ધનસૂરિએ પ્રતિષ્ઠા કરી. તેમાંની ચિંતામણી પાર્શ્વનાથની મૂર્તિ ભટ્ટીઓની પ્રાચીન રાજધાની લોદ્રપુરથી આણેલી વેલુની હોઇ પ્રાચીન છે. બીજું મંદિર સંભવનાથનું સં૦ ૧૪૯૪ માં જિનભદ્રસૂરિના ઉપદેશથી આરંભાયેલું તે ૧૪૯૭ માં પૂરૂં થયું ને તેમાં સૂરિએ પ્રતિષ્ઠા કરી. તે વખતે ૩૦૦ મૂર્ત્તિની પ્રતિષ્ઠા થઇ. આ મંદિરની નીચે જ્ઞાનભંડાર વાસ્તે ભોંયરૂં બંધાવ્યું. તેમાં ભંડાર રાખ્યો, જે હજુ વિદ્યમાન છે. તેમાં ૧૦ મીથી ૧૫ વિક્રમ સદીનાં લખાએલાં તાડપત્રનાં પ્રાચીન દુર્લભ પુસ્તકો મોજુદ છે. બીજાં મંદિરો-આદીશ્વર, શાંતિ, ચંદ્રપ્રભ, મહાવીર વગેરેનાં વિક્રમના સોળમા શતકના પૂર્વાર્દ્ધમાં નજીક નજીક ત્યાં બંધાવેલાં છે. આ તથા સર્વ બીજાં મંદિરોમાં કુલ મળી આશરે ૭૦૦૦ જિનબિંબો છે. વળી બધાં મળી ૬ જ્ઞાનભંડારો છે. ત્યાંના ભંડારોની પુસ્તકસૂચિ સદ્ગત સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઇ દલાલે મહા શ્રમ લઇ કરેલી તે ગાયકવાડ સરકારે હમણાં બહાર પાડી છે. જોધપુર બિકાનેર રેલ્વેમાં બાઢમેર સ્ટેશનથી જેસલમેર ૯૨ માઇલ છે. તપાગચ્છે ૧૯ મી સદીમાં પ્રવેશ કર્યો ને

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

જૈનોનાં ભારતવર્ષમાં તેમના તીર્થંકરોની જન્મભૂમિ, દીક્ષાભૂમિ, કેવલજ્ઞાનભૂમિ, નિર્વાણભૂમિ તરીકેનાં તીર્થો અનેક છે. તેમાં મુખ્ય શત્રુંજય, ગિરનાર, સમ્મેત–શિખરાદિ છે. તે સર્વની યાત્રા દરેક ચુસ્ત જૈનને માટે આવશ્યક ગણાય. આ કવિએ રચેલ 'તીર્થમાલા સ્તવન' પરથી જણાય છે કે તેમાં લખેલ અષ્ટાપદ અને નંદીશ્વર એ શાસ્ત્રોક્ત તીર્થ સિવાય બધાંય તીર્થની યાત્રા તેમણે કરી હતી. તે સ્તવન નીચે પ્રમાણે છે:–

૧૮ શત્રુંજે ઋષભ સમોસર્યા ભલા ગુણ ભર્યારે, સિદ્ધા સાધુ અનંત, તીરથ તે નમુંરે,
તીન કલ્યાણક તિહાં રયાં, મુગતેં ગયારે, નેમિશ્વર ગિરનાર, તીરથ તે નમુંરે ૧

અષ્ટાપદ એક દેહરો, ગિરિસેહરોરે, ભરતેં ભરાવ્યાં બિંબ–તી૦
આબુ ચૌમુખ અતિ ભલો, ત્રિભુવનતિલોરે, વિમલ વસઇ વસ્તુપાલ. ૨

સમેતશિખર સોહામણો, રલિયામણોરે, સિદ્ધા તીર્થંકર વીશ,
નયરી ચંપા નિરખીયે, હૈયે હરખીયેરે, સિદ્ધા શ્રી વાસુપૂજ્ય. ૩

પૂર્વ દિશે પાવાપુરી, ઋદ્ધિ ભરીરે, મુક્તિ ગયા મહાવીર.
જેસલમેર જુહારીયે, દુઃખ વારીયેરે, અરિહંત બિંબ અનેક. ૪

વિકાનેર જ વંદીયે, ચિર નંદીયેરે, અરિહંત દેહરાં આઠ.
સેરિસરો સંખેશ્વરો, પંચાસરોરે, ફલોધી થંભણ પાસ. ૫

અંતરિક અંજાવરો, અમીઝરોરે, જીરાવલો એ જગનાથ.
'ત્રૈલોકય દીપક' દેહરો, જાત્રા કરોરે, રાણપુરેં રિસહેસ. ૬

શ્રી નાડુલાઇ જાદવો, ગોડી સ્તવોરે, શ્રી વરકાણો પાસ,
નંદીશ્વરનાં દેહરાં, બાવન ભલાંરે, રૂચકકુંડલે ચાર ચાર. ૭

શાશ્વતી આશાશ્વતી, પ્રતિમા છતીરે, સ્વર્ગ મૃત્યુ પાતાલ,
તીરથ યાત્રા ફલ તિહાં, હોજો મુઝ ઇહાંરે, સમયસુંદર કહે એમ. ૮

---

મહાકષ્ટે ૧૮૬૯ માં કોટની નાચે તેમના તરફથી શિખરબંધ દહેરૂં બંધાયું. દહેરાં સંબંધી વિગત જિનસુખસૂરિએ જેસલમેર ચૈત્ય પરિપાટી બનાવેલ છે તેમાં મળે છે. (જુઓ પ્રાચીન તીર્થમાલા સંગ્રહ પૃ૦ ૧૪૬.)

૧૮. શત્રુંજય–પાલીતાણા કાઠીયાવાડમાં–આવેલો પવિત્ર ગિરિ. ગિરનાર–જુનાગઢમાં. આબુ કે જયાં વિમલ મંત્રીએ અને વસ્તુપાલ મંત્રીએ મહાન્ કારીગરીનાં અદ્‌ભુત જૈન દેવાલયો બંધાવેલાં છે. સમેતશિખર કે જયાં ૨૪ તીર્થંકરો પૈકી ૨૦ મુક્તિ પામ્યા છે–કલકત્તાથી જવાય છે.

ચંપા એ વાસુપૂજ્યની નિર્વાણભૂમિ. 'પાવાપુરી–મહાવીરની નિર્વાણભૂમિ. જેસલમેર–વીકાનેર પ્રસિદ્ધ છે.

સેરીસરો, સેરિસા–કલ્લોલ પાસે. આ તીર્થનો હમણાંજ ઉદ્ધાર કરવામાં આવ્યો છે.

શંખેશ્વર પાર્શ્વનાથ–પાટણથી ૨૦ ગાઉ દૂર. પંચાસરો પાર્શ્વનાથ પાટણમાં વનરાજ ચાવડાએ સ્થાપેલ.

ફલોધી–મેડતારોડ સ્ટેશનથી ૧ા ગાઉ. સં. ૧૧૮૧ માં પાર્શ્વનાથની પ્રતિમા સ્થપાએલી છે.

વિ. ૬. ૨૧.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**શિષ્યપરંપરા.**

હર્ષનંદન નામના એક વિદ્વાન્ શિષ્ય તેમને હતા. તે શિષ્યે સં૦ ૧૬૭૩ માં 'મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ' તથા બીજો ગ્રંથ નામે 'ઋષિમંડલ સ્તવ' (મહર્ષિ સ્તવ) ગાથા ૨૭૧ નું,-તેના પર ૪૨૦૦ શ્લોકની ટીકા રચેલ હતી. ખરતર ગચ્છમાં લધ્વાચાર્યીય નામનો આઠમો ગચ્છભેદ ખ૦ જિનસાગરસૂરિએ સં૦ ૧૬૮૬ માં કર્યો હતો તે ગચ્છને હર્ષનંદને ઘણો વધાર્યો. વિશેષમાં હર્ષનંદને, તથા ખ૦ સુમતિકલ્લોલ એ બંનેએ મળીને તૃતીય જૈન આગમ નામે સ્થાનાંગ પરની વૃત્તિમાંની ગાથાઓપર શ્લોક ૧૩૬૦૪ ની વૃત્તિ રચી હતી.

સમયસુંદરના શિષ્યના શિષ્ય નામે હર્ષકુશલ ગણિ (ઉપાધ્યાય) હતા કે જેણે સમયસુંદરની ભાષાકૃતિ નામે ધનદત્તની ચોપઇ પોતે સંશોધિત કરી હતી.

સમયસુંદરની શિષ્યપરંપરા અખંડપણે સં૦ ૧૮૨૨ સુધી તો ચાલી આવેલી હતી એ વાત સિદ્ધ છે. સં૦ ૧૮૨૨ ના માગશર શુદિ ૪ ના દિવસે તેમની શિષ્યપરંપરામાંના આલમચંદે 'સમ્યક્ત્વ કૌમુદી ચતુઃપદી' એ નામની પદ્યકૃતિ મક્ષુદાબાદમાં બનાવેલ છે તેમાં પોતાની પ્રશસ્તિ આપતાં જણાવે છે કેઃ-

યુગવર શ્રી જિનચંદ સૂરીંદા, ખરતર ગચ્છ દિણંદાજી.
રીહડ ગોત્ર પ્રસિદ્ધ કહંદા સદ્દગુરુ સુજસ લહંદાજી.
પ્રથમ શિષ્ય તસુ મહા વેરાગી જિણ મમતા સહુ ત્યાગીજી.
સકલચંદજી સકલ સોભાગી સમતા ચિત્તસું જાગીજી.
તાસુ સીસ પરગટ જગમાંહી સહૂ કોઇ ચિત્ત ચાહેજી.
પાઠક પદવીધર ઉચ્છાહે સમયસુંદરજી કહાહેજી.
તાસુ પરંપરમે સુવિચારી ભયે વાચક પદ ધારીજી.
કુશલચંદજી બહૂ હિતકારી તાસુ શિષ્ય સુખકારી જી.
સદ્દગુરુ આસકરજી સુહાયા જગમે સુજસ ઉપાયાજી.
તાસુ શિષ્ય આલમચંદ કહાયા એ અધિકાર બણાયાજી.

આ રીતે સમયસુંદરની શિષ્યપરંપરામાં કુશલચંદ ઉપાધ્યાય થયા, તેના શિષ્ય આસકરણજી અને તેના શિષ્ય આલમચંદ.

---

થંભણુ—સ્થંભનક પાર્શ્વનાથ. હાલ ખંભાતમાં. તેની પ્રતિમા અભયદેવસૂરિના સમયમાં પ્રકટેલી.

અંતરિક્ષ પાર્શ્વનાથ—આકોલાથી લગભગ ૨૦ ગાઉ દૂર.

અજાવરો (અજાહરો) પાર્શ્વનાથ-કાઠિયાવાડના ઉના ગામ પાસે.

અમીઝરો પાર્શ્વનાથ—ડુઆમાં (પાલણપુર તાલુકો.)

જીરાવલા પાર્શ્વનાથ (મારવાડ). નાડુલાઇ—મારવાડમાં. ગોડી પાર્શ્વનાથ-પારકરમાં. વરકાણા પાર્શ્વનાથ-મારવાડમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**સંસ્કૃત ભાષામાં કૃતિઓ.**

કવિ એક સમર્થ વિદ્વાન્, ટીકાકાર, સંગ્રહકાર, શબ્દશાસ્ત્રી, છંદશાસ્ત્રી અને અનેક ગ્રંથોના અવલોકનકાર અને અવગાહનાર હતા એ તેમના નીચેના ગ્રંથોપરથી જણાઇ આવે છે. આ ગ્રંથો ગૂર્જર ભાષા સિવાયના છેઃ—

ભાવશતક—શ્લોક ૧૦૧ સં૦ ૧૬૪૧.

રૂપકમાલા પર વૃત્તિ—શ્લો૦ ૪૦૦, સં૦ ૧૬૬૩ આ વૃત્તિ કવિના પ્રગુરુ ઉક્ત જિનચંદ્ર સૂરિના શિષ્ય રત્નનિધાન ગણીએ શોધી હતી.

કાલિકાચાર્ય કથા (સંસ્કૃત) સં૦ ૧૬૬૬.

સામાચારી શતક સં૦ ૧૬૭૨ મેડતામાં.

વિશેષ શતક (પત્ર ૬૭) સં૦ ૧૬૭૨ મેડતામાં, આનો ઉલ્લેખ કર્ત્તાએ પોતાની ગાથાસહસ્રીમાં કર્યો છે. રચ્યા દિન પાર્શ્વજન્મ દિને.

વિચાર શતક (પત્ર ૪૫) સં૦ ૧૬૭૪.

૧૯અષ્ટલક્ષી સં૦ ૧૬૪૬ (રસ જલધિરાગ ગોસમેતે) લાહોર. આ **राजानो ददते सौख्यम्—એ** રીતના વાક્યના આઠ લાખ અર્થોવાળો ગ્રંથ છે. આનું બીજું નામ અર્થરત્નાવલિ છે. તે લાભપુર (લાહોર) માં પૂર્ણ કર્યો. (પી. રી. ૪ થો. પૃ. ૬૮–૭૩).

આ અષ્ટલક્ષી ગ્રંથ કવિએ સં૦ ૧૬૪૯ પહેલાં શરૂ કરી તે વર્ષમાં એક પુસ્તકના પ્રમાણનો કરી નાંખ્યો હોવો જોઇએ એમ જણાય છે. એટલું જ નહિ પણ તે વર્ષમાં શ્રી અકબર બાદશાહે ખુદ રાજસભામાં વાંચી સાંભળી આ પુસ્તક સ્વહસ્તે લઇ કવિના હાથમાં આપી તે રીતે પ્રમાણ—ભૂત કર્યો એવું પોતે આ ગ્રંથમાં જ જણાવે છેઃ—

**संवति १६४९ प्रमिते श्रावण शुक्ल १३ दिने सन्ध्यायां कश्मीरदेशविजयमुद्दिश्य श्री राजश्री रामदासवाटिकायां कृतप्रथमप्रयाणेन श्री अकब्बरपातशाहिना जलालदीनेन अतिजात साहिजाने श्री सिलेम सुरत्राण सामंतमंडलिकराजराजिविराजितराजसभायां अनेकवैयाकरणतार्किकविद्वत्तमभट्टसमक्षं अस्मद् गुरुवरान् युगप्रधानखरतर—भट्टारकश्रीजिनचन्द्रसूरीश्वरान् आचार्य**

---

૧૯. આમાં પહેલા એક શ્લોકમાં સૂર્યદેવની સ્તુતિ કરી છે. તે ખાસ ધ્યાન ખેંચે છે. ત્યારપછી બીજા શ્લોકમાં બ્રાહ્મી—સરસ્વતીની સ્તુતિ કરી જણાવે છે કે 'રાજાનો દદતે સૌખ્યમ્' એ શ્લોકના એક પાદના મેં નિજબુદ્ધિની વૃદ્ધિ નિમિત્તે અર્થો કર્યા છે તેમાં તે પાદમાંના 'રાજા' નો અર્થ સૂર્ય પણ થાય છે એમ જણાવી સૂર્યદેવનાં નામો આપે છેઃ—

**सावित्री भविता राजा विसृजो विघृणो विराट् ।**
**सप्तार्चिः सप्ततुरगः सप्तालोकनमस्कृतः ॥**

એમ સ્કંદપુરાણમાં શ્રી સૂર્યસહસ્ર નામમાં જણાવ્યું છે તેથી રાજા એટલે શ્રી સૂર્ય, નઃ એટલે અમને સૌખ્ય આપે છે.

આમ જૂદા જૂદા અર્થો દરેક શબ્દોના મૂકી આખા વાક્યનો અર્થ કરી, સર્વ મળી આઠ લાખ અર્થ કર્યા છે તે જણાવી છેવટે પોતાની પ્રશસ્તિ આપે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

श्रीजिनसिंहसूरिप्रमुखकृतसुखसुखशिष्यव्रातपरिकरान् असमानसन्मानबहुदानपूर्वं समाहूयायमष्टलक्षार्थी ग्रन्थो मत्पार्श्वाद् वाचयांचक्रेऽवक्रेण चेतसा। ततस्तदर्थश्रवणसमुत्पन्नप्रभूतनूतनप्रमोदातिरेकेण संजातचित्तचमत्कारेण बहुप्रकारेण श्रीसाहिना बहुप्रशंसापूर्वं 'पठ्यतां सर्वत्र विस्तार्यतां सिद्धिरस्तु' इत्युक्त्वा च स्वहस्तेन गृहीत्वा एतत् पुस्तकं मम हस्ते दत्वा प्रमाणीकृतोऽयं ग्रन्थः। अतः सोपयोगित्वात् श्रीसाहिनापि समुद्दिश्यार्थमाह-राजा श्री अकब्बरः नोऽस्मभ्यं सौख्यं सुखं ददते प्रजानामिति।

એટલે—સંવત્ ૧૬૬૩ ના શ્રાવણ સુદ ૧૩ દિને સાંજે કાશ્મિર દેશપર વિજય કર્યો તે નિમિત્તે શ્રીરાજ શ્રી રામદાસ (આ રામદાસ તે જણાય છે કે જેણે સં૦ ૧૬૫૨ માં સેતુબંધ (રાવણવહો) ની ટીકા રચી છે અને જેને માટે પ્રાજ્યભટ્ટની (રાજતરંગિણીમાં વિશેષ ઉલ્લેખ મળી આવે છે) વાડીમાં શ્રી અકબર બાદશાહ–જલાલદીને પ્રથમ પ્રયાણ કરી અતિ ખાનદાન શાહજાદા શ્રી સલીમ (પાછળથી જહાંગીર બાદશાહ) સુલતાન સામંત મંડલિક રાજાઓથી વિરાજિત રાજસભામાં અનેક વ્યાકરણીઓ તાર્કિક વિદ્વત્તમ ભટ્ટ–પંડિત સમક્ષ અમારા ગુરુવર યુગપ્રધાન ખરતર ભટ્ટારક શ્રી જિનચંદ્ર સૂરીશ્વરને આચાર્ય શ્રી જિનસિંહસૂરિ વગેરે આણેલા શિષ્યસમુદાય સહિતને અતિશય સન્માન આપીને બોલાવી આ અષ્ટલક્ષાર્થી ગ્રંથ મારી પાસે શુદ્ધ ચિત્તથી વંચાવ્યો, ત્યાર પછી તેના શ્રવણથી તેને અતિ નવીન પ્રમોદનો અતિરેક થતાં ચિત્તમાં ચમત્કૃતિ થતાં બહુ પ્રકારે શ્રી બાદશાહે બહુ પ્રશંસા કરી અને 'સર્વત્ર વાંચો આનો વિસ્તાર કરો' એમ કહી સ્વહસ્તે તેને લઇને આ પુસ્તક મારા હાથમાં આપી આ ગ્રંથ પ્રમાણભૂત કર્યો. પછી પોતે જેને અર્થ કરવા ચાહે છે તે પદ લઇ રાજા એટલે બાદશાહ અકબર તે નઃ એટલે આપણને પ્રજાને સૌખ્ય આપે છે. આ ગ્રન્થની અંતે કવિએ 'અકબર ગુણ વર્ણન અષ્ટક' મૂકેલ છે તે ખાસ અવગાહવા યોગ્ય છે.

વિસંવાદક શતક સં૦ ૧૬૮૫. આમાં સૂત્રોઆદિમાં પરસ્પર જે વિરોધ ભાસે છે તે બતાવ્યો છે.

सूत्र प्रकरण टीका प्रबंध संबंध चारु चरितेषु।
ये केऽपि विसंवादा दृष्टा एकीकृता इह ते॥ પી. રી. ૩ પૃ. ૨૯૦.

વિશેષ સંગ્રહ સં૦ ૧૬૮૫ લુણકર્ણસરમાં.

ગાથાસહસ્રી સં૦ ૧૬૮૬ (પી. રી. ૩ પૃ. ૨૮૮).

આમાં જમાલિ આદિ નિન્હવોની આવશ્યક ચૂર્ણિમાંથી ૧૬ ગાથા ટાંકી કહેલ છે કે 'આની વ્યાખ્યા સંબંધ સહિત મારા રચેલ વિશેષ સંગ્રહમાંથી વિદિત થશે.' આમાંની અનેક ગાથાઓ જૈન ઇતિહાસ અને સાહિત્ય માટે ઉપયોગી થાય તેવી છે.

गाथाः कियत्यः प्रकृताः कियत्यः श्लोकाश्च काव्यानि कियंति संति।
नानाविध ग्रंथ विलोकन श्रमादेकीकृता अत्र मया प्रयत्नात्॥

જયતિહુયણ નામના સ્તોત્રપર વૃત્તિ સં૦ ૧૬૮૭ પાટણમાં.

---

આ રચવામાં શ્રી જિનસિંહ સૂરિના શિષ્ય ઉપાધ્યાય સમયરાજ ગણિએ (મહવિદ્યૈક ગુરુ–કે જે મારા વિદ્યાગુરુનાજ શિષ્ય થાય) મારા પર અનુગ્રહ કરેલો છે એમ પોતે સ્વીકારે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૦ દશવૈકાલિક સૂત્રપર શબ્દાર્થ વૃત્તિ. ટીકા શ્લો. ૩૩૫૦ સં૦ ૧૬૯૧ ખંભાતમાં.
વૃત્તરત્નાકર વૃત્તિ સં૦ ૧૬૯૪ જાલોરમાં

૨૧ કલ્પસૂત્રપર કલ્પકલ્પલતા નામની વૃત્તિ શ્લો૦ ૭૭૦૦
નવતત્ત્વપર વૃત્તિ.

વીર ચરિત્ર સ્તવ નામના જિનવલ્લભસૂરિ કૃત સ્તવન પર ૮૦૦ શ્લોકની ટીકા
વીરસ્તવ વૃત્તિ ( દુરિયરય સમીર વૃત્તિ )
સંવાદસુંદર ૩૩૩ શ્લો૦
ચાતુર્માસિક વ્યાખ્યાન.
રઘુવંશ વૃત્તિ ( પત્ર ૧૪૫ ).

કવિ કાલિદાસકૃત રઘુવંશ નામનો ગ્રંથ જૈનોમાં સાહિત્ય અર્થે પઢાવવામાં આવતો અને તેથી તેના પર વૃત્તિઓ પણ જૈન સાધુઓએ અનેક કરેલી જોવામાં આવે છે.

આ રીતે સંસ્કૃત ભાષામાં કૃતિઓ તેમણે કરી છે. વૃત્તિ–ટીકા ઉપરાંત અનેક ગ્રંથો સૂત્રો વાંચી તે સર્વેનું દિગ્દર્શન કરાવી તેમાં રહેલા વિસંવાદ શોધી પોતાનું બહુશ્રુતપણું દાખવ્યું છે.

## ગૂર્જર ભાષાની પદ્યકૃતિઓ.

૧ ચોવીશી ( ૨૪ તીર્થંકરનાં સ્તવનો ) સં૦ ૧૬૫૮ વિજયાદશમી અમદાવાદમાં. આને કવિએ ' ચતુર્વિંશતિ તીર્થંકરગીતાનિ 'એ નામ આપ્યું છે. આની શુદ્ધ પ્રત આણંદજી કલ્યાણજી હસ્તકના પાલીતાણાના ભંડારમાં છે.

૨ શાંબપ્રદ્યુમ્ન પ્રબંધ રચ્યા–સં૦ ૧૬૫૯ વિજયાદશમી. ખંભાતમાં સ્તંભન પ્રાર્શ્વનાથના પસાયથી.

ભાષામાં મોટો ગ્રંથ રચવાનો આ તેમનો પ્રયાસ છે એમ તે જણાવે છે.

---

૨૦. દશવૈકાલિક—સૂત્ર એ પ્રાચીન સય્યંભવ સૂરિકૃત જૈનાગમ છે તે પર પ્રસિદ્ધ હરિભદ્ર સૂરિએ ટીકા કરી છે. કર્તા કહે છે તેથી શિષ્યોને અર્થે શીઘ્રબોધ થાય તે હેતુથી સુગમ કરી છે. ( મુદ્રિત સં૦ ૧૯૭૫ ).

૨૧. કલ્પસૂત્ર—એ પણ પ્રાચીન, ભદ્રબાહુકૃત જૈનાગમ છે. આ પરની કર્ત્તાની ટીકા ડૉ૦ જેકૉબી ( કે જેણે અંગ્રેજીમાં આ સૂત્રનો અનુવાદ કરેલો છે. જુઓ સેક્રેડ બુકસ ઓફ ધ ઈસ્ટ ) ના કહેવા પ્રમાણે જિનપ્રભમુનિએ કલ્પસૂત્ર પર રચેલી સંદેહવિષૌષધિ નામની ટીકાનો માત્ર સંક્ષિપ્ત સાર–abstract–છે. આ જિનરાજસૂરિ ( કે જેનું સૂરિપદ સં૦ ૧૬૭૪થી મરણ સં૦ ૧૬૮૬ સુધી રહ્યું )ના રાજ્યમાં ને જિનસાગર સૂરિના યૌવરાજ્યમાં લૂણકર્ણસર ગામમાં આરંભ કરીને તેજ વર્ષમાં ઐષારિણી પુરમાં પૂર્ણ કરેલ છે. તેથી આ રચના સં૦ ૧૬૭૪ થી ૧૬૮૬ ની વચમાં કરી છે ને તે દરમ્યાનમાં લૂણકર્ણસરમાંજ સં. ૧૬૮૫ માં પોતે હતા તે વિશેષ સંગ્રહનાં રચનાકાલ અને સ્થલ પરથી જણાય છે. તેથી આ રચના સં૦ ૧૬૮૫ માં જ પૂર્ણ થયેલી છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

શક્તિ નહી મુઝ તેહવી બુદ્ધિ નહી સુપ્રકાશ
વચનવિલાસ નહી તિસ્યઉ એ પણિ પ્રથમ અભ્યાસ.

કૃષ્ણુના કુંવર શાંબ અને પ્રદ્યુમ્ને આખરે નેમીશ્વર પાસે દીક્ષા લીધી અને વિમલગિરિ પર સંલેખના કરી મોક્ષે ગયા. આ બંનેનો અધિકાર આઠમા અંગમાંથી (અંતકૃત્ દશાંગ-અંતકૃત એટલે તદ્ભવ મુક્ત થનાર-ચરમભવી મહાત્માઓ સંબંધીનું સૂત્ર) લઇ આ પ્રબંધ બે ખંડમાં રચ્યો છે. ગાથા ૫૩૫, ઢાલ ૨૧, શ્લોક ૮૦૦ છે અને તે જેસલમેરના વતની નાનાવિધશાસ્ત્ર વિચાર રસિક લોઢા સા૦ સિવરાજની અભ્યર્થનાથી રચેલો છે એવું એક જૂની પ્રતમાં લખેલું છે. સં૦ ૧૬૭૦ થી લખેલી સારી અને જુની પ્રત લીંબડીના ભંડારમાં મોજુદ છે.

૩ દાન શીલ તપ ભાવના સંવાદ. P (અથવા સંવાદ શતક)[૨૨] સં૦ ૧૬૬૨ સાંગાનેરમાં 'પદ્મપ્રભુ સુપસાઉલે'—

જૈનના ધર્મના ચાર પ્રકાર નામે દાન, શીલ, તપ અને ભાવના જણાવ્યા છે-તે દરેક પોતપોતાને વડો માને છે અને એ રીતે ચારે પોતપોતાના ગુણ ગાઇ પોતપોતાથી કેટલા સુખી અને સિદ્ધ થયા તે જણાવી તકરાર કરી આપવડાઇ, વીરની પરિષદ્‌માં, વીર પ્રભુ પાસે કહે છે ત્યારે છેવટે વીર સમાધાન કરી જણાવે છે કેઃ—

કો કેહની મ કરો તુમ્હે નિંદા ને અહંકાર
આ આપણે ઠામે રહો સહુકો ભલો સંસાર
તોપણ અધકો ભાવ છે, એકાકી સમરત્થ
દાન શીલ તપ ત્રિણે ભલા, પણ ભાવ વિના અકયત્થ.
અંજન આંખે આંજતા, અધિકો આણી રેખ
રજમાંહે તજ કાઢતાં, અધિકો ભાવ વિશેષ.

૪ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ. P માફ સં૦ ૧૬૬૫ જેઠ શુ. ૧૫ આગ્રામાં.

પ્રત્યેક બુદ્ધ થઇ સિદ્ધ થયેલ જૈન કહેલા કરકંડુ, દુર્મુખ, નેમિરાજ અને નર્ગતિ (નિગ્ગઇ) એ ચાર સંબંધી ચાર ખંડમાં આ રાસ વિભક્ત છે. પ્રત્યેક ખંડ સં૦ ૧૬૬૪ માં પૂર્ણ કર્યો છે પણ દરેકની તીથિ જુદી જુદી છે. ૧ કરકંડુ પરનો સં૦ ૧૬૬૪ ફાગણ સિદ્ધિયોગ બુધવારે. ઢાલ ૧૦, ગાથા ૧૮૭, શ્લોક ૨૫. ૨ દુમુહપર ચૈત્ર વદ ૧૩ શુક્ર. ઢાલ ૮. ૩ નેમિરાજ પર-તીથિ નથી જણાવી ઢાલ ૧૭. ૪ નિગ્ગઇ પરનો માફ સંવત ૧૬૬૫ જેઠ શુદ ૧૫ આગ્રામાં 'વિમલનાથ પસાઉલે' સાન્નિધ્ય 'કુશલસૂરીંદ'; ઢાળ ૯. આ ચારે

---

આ P ચિન્હ મુદ્રિત થયેલ ગ્રંથ સૂચવે છે.

૨૨. કોઇક પ્રતમાં પાઠાંતર બાસઠ ને બદલે છાસઠ છે. પણ ઘણી પ્રતોમાં બાસઠ છે તેથી તે જ પાઠ યોગ્ય લાગે છે. આ સંવાદને 'સંવાદશતક,' કર્ત્તાએ પોતે એક ઠેકાણે કહેલ છે. પોતાની સીતારામ ચોપાઇમાં એક ઢાલનો રાગ મૂકતાં જણાવ્યું છે કે "રાગ ધન્યાસિરી—સીલ કહે જગિ હું વડું, મુઝ વાત સુણો એક મીઠીરે (કે જે આ સંવાદમાં બીજી ઢાલમાં શીલ કહે છે) એ સંવાદ શતકની બીજી ઢાલ." કુલ ૫ ઢાલ છે અને ૫૦ કડી છે. આ સંવાદ સઝાયમાળા અને રત્નસમુચ્ચયમાં મુદ્રિત થયેલ છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ખંડ નાગડ ગોત્રના સંઘનાયક સૂરશાહના આગ્રહથી રચ્યા છે. આખો રાસ અતિ સુંદર અને રસમય છે. મદનરેખા ( મયણરેહા ) સંબંધી આખ્યાન ત્રીજા ખંડમાં અંતર્ગત થાય છે. મુંબઇના શ્રાવક ભીમસી માણેકે આ મુદ્રિત કરેલો છે. ચાર પ્રત્યેક બુદ્ધ પર તિલકાચાર્યકૃત ૨૬૫ પત્રમાં, ૧૧૩૮ શ્લોકમાં, ૬૦૦ શ્લોક અને ૩૫૦ શ્લોકમાં રચાયેલી એમ ચાર પુસ્તકરૂપે કથાઓ જૈન ગ્રંથાવલીમાં નોંધાઇ છે.

૫ પોષધવિધિ સ્તવન. ( એક નાની કવિતા ) સં૦ ૧૬૬૭ માગશર શુદ ૧૦ ગુરુ. મરોટમાં.

૬ મૃગાવતી ચરિત્ર રાસ–ચોપઇ . સં૦ ૧૬૬૮ મુલતાનમાં.

વત્સદેશની રાજધાની કૌશામ્બીના રાજા શતાનીકની રાણી અને ઉદાયનની માતા મૃગાવતી પતિ પોતાના પુત્રને સગીર મૂકી સ્વર્ગસ્થ થતાં પોતે રાજ્ય ચલાવે છે તે વખતે તેના પર આસક્ત બની અવંતીનો રાજા ચંડપ્રદ્યોત આક્રમણ કરે છે, પણ તેને સમજાવી રાજ્યને દુર્ગઆદિથી પ્રબલ કરી આખરે મહાવીર ભગવાન્ પાસે પોતે દીક્ષા લે છે. આ પ્રમાણે શીલ સાચવી પુત્રહિતાર્થે રાજ્યવ્યવહાર કરી ધર્મ વૈરાગ્ય પામી મુક્તિ મેળવે છે; તે જૈન સતી પર આ સુંદર આખ્યાન છે. જુદી જુદી ગુજરાતી, મરૂધરની, સિંધી, પૂર્વની નવી નવી ઢાળોમાં ત્રણ ખંડોમાં આ 'મોહનવેલી' ચોપઇ રચેલી છે. પ્રથમ ખંડમાં ૧૩ ઢાળ, ગાથા ૨૬૬ અને બીજામાં પણ ઢાળ ૧૩, ગાથા ૨૬૬, ત્રીજામાં ઢાલ ૧૨, ગાથા ૨૧૧ છે. મૂળ જેસલમેર નિવાસીને મુલતાનવસતા રીહડ ગોત્રના કરમચંદ શ્રવક વગેરે માટે મુલતાનમાં કે જ્યાં 'સિંધુ શ્રાવક સદા સોભાગી ગુરુગચ્છ કેરા બહુરાગી' સિંધી શ્રાવકો વસતા હતા ત્યાં રચેલ છે.

આ રચનાની પહેલાં પોતે સાંબપ્રદ્યુમ્નની ચોપઇ રચી હતી એવું આના મંગલાચરણમાં જ જણાવ્યું છે.

૭ કર્મ છત્રીશી–P સં૦ ૧૬૬૮ માહ શુદ ૬ મુલતાનમાં ૩૬ કડીનું કર્મવશ સર્વ જીવ છે એમ જણાવી તે માટેનાં દૃષ્ટાંત આપ્યાં છે. ( પ્ર૦ ચૈત્યવંદન સ્તુતિ સ્તવનાદિ સંગ્રહ પુના. )

૮–૧૦ પુણ્ય છત્રીશી ( સં૦ ૧૬૬૮ સિદ્ધપુર ) શીલ છત્રીશી. અને સંતોષ છત્રીશી { સં૦ ૧૬૬૯ દરેકમાં ૩૬ કડી

૧૧ ક્ષમા છત્રીશી P નાગોરમાં.

( આદરજીવ ક્ષમા ગુણ આદર એથી શરૂ થતું ૩૬ કડીનું પ્રસિદ્ધ કાવ્ય. )

૧૨ સિંહલ સુત પ્રિયમેલક રાસ. [૨૩]સં૦ ૧૬૭૨ મડેતામાં.

---

૨૩ આમાં પ્રાચીન સુભાષિત મૂકેલ છે કેઃ—

યતઃ–ઘરિ ઘોડો નંઇ પાલો જાય, ઘરિ ધેણુ ને લૂખઉ ખાય,
ઘરિ પલ્યંકને ધરતી સૂઇ, તિણુરી બઇયરિ જીવતાને રૂઇ.

આની પ્રત મારી પાસે છે. પત્ર ૧૧. પંક્તિ ૧૩. બીજી પ્રતો ધોરાજીના સર્વજ્ઞ મહાવીર ભંડાર, તેમજ ગારીયાધરના, પાલણપુરના ભંડારોમાં છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

દાન વિષય ઉપર આ આખ્યાન છે. સાધુને દાન દેવાથી સિંહલસુત સિંહલસિંહ કેવાં સુખ પામે છે તે અને તેમાં પ્રિયમેલક નામના તીર્થનું માહાત્મ્ય જણાવી તે ઉત્તમ શ્રાવક તરીકે ધર્મના રૂડાં કામ કરે છે અને સમાધી મૃત્યુ પામી સુરપદવી લહે છે એ બતાવ્યું છે. ઢાલ ૧૦ છે. આ પોતાની સ્વકલ્પિત કથા લાગે છે.

૧૩ નલદમયંતી રાસ. સં૦ ૧૬૭૩ વસંત માસમાં મેડતામાં.

કવિ પ્રેમાનંદે નલાખ્યાન રચ્યું છે, તેની પહેલાના સૈકામાં કવિ સમયસુંદરે જૈન કથામાં નિરૂપેલું નલદમયંતી ચરિત્ર પરથી ભાષામાં આ રસમય રાસ રચ્યો છે. [૨૪]તિલકાચાર્ય કૃત દશવૈકાલિક વૃત્તિ અને પાંડવ નેમિ ચરિતમાંથી અધિકાર ઉદ્ધરી ' કવિયણ કેરી કિહાં કણિ ચાતુરી ' કેળવી છ ખંડમાં, સર્વ ગાથા ૯૧૩, શ્લોક સંખ્યા ૧૩૫૦, અને ઢાલ ૩૮ માં રચના કરી છે, આની પ્રત મુંબઇની મોહનલાલજી સેંટ્રલ લાયબ્રેરીમાં; આણંદજી કલ્યાણજીના પાલીતાણાના ભંડારમાં, લીંબડીના ભંડાર વગેરે સ્થળે વિદ્યમાન છે.

૧૪. પુણ્યસાર ચરિત્ર. સં૦ ૧૬૭૩ આની પ્રત મને પ્રાપ્ત થયેલ નથી.

૧૫. રાણકપુર સ્તવન સં૦ ૧૬૭૬ માગશર, રાણકપુરમાં.

મારવાડમાં સાદડી પાસે રાણકપુરમાં સોમસુંદરસૂરિથી પ્રતિષ્ઠત થયેલું ૯૯ લાખ ખર્ચી ધનાશા પોરવાડે સં૦ ૧૪૬૧ માં બંધાવેલું અતિ ઉત્તમ અને શિલ્પકારીગરીથી ભરપૂર અનેક સ્તંભોવાળું ' ત્રિભુવનદીપક ' નામનું મંદિર વિરાજે છે. તેની કવિએ જાત્રા કરી તેના ટુંક વર્ણન રૂપે આ સ્તવન રચ્યું છે. ચારે દિશાના ૨૪ મંડપ, ચાર ચતુર્મુખ (ચોમુખ) પ્રતિમા, ૮૪ દેરી, ભોંયરાં. ત્યાં ખરતર વસતિ-દેહરૂં છે.

૧૬. વલ્કલચીરી રાસ. સં૦ ૧૬૮૧ જેસલમેરમાં.

ઉપરોક્ત જેસલમેરી કર્મચંદ મુલતાનમાં વસતો હતો તેના આગ્રહથી આ પણ રાસ રચ્યો છે. આની પ્રત પ્રવર્તક શ્રી કાન્તિવિજયજીના વડોદરાના ભંડારમાં છે અને લીંબડીના ભંડારમાં છે.

૧૬અ. એકાદશી ( મૌન એકાદશી ) નું વૃદ્ધ (મોટું) સ્તવન.P સં૦ ૧૬૮૧ જેસલમેર પ્ર. રત્નસમુચ્ચય પૃ. ૧૭૨-૩.

૧૭. વસ્તુપાલ તેજપાલનો રાસ. સં૦ ૧૬૮૨ ( પાઠાં ૧૬૮૬ ) તિયરી પુરમાં.

આ એક બહુ ટૂંકી કૃતિ છે. આમાં વસ્તુપાલ અને તેજપાલ જે ગૂર્જરરાજ વીરધવ-

---

૨૪. તિલકાચાર્ય-શ્રી ચંદ્રપ્રભ-ધર્મઘોષ-ચક્રેશ્વરસૂરિ-શિવપ્રભસૂરિ અને તેના શિષ્ય. તેમણે આવશ્યક સૂત્ર લઘુવૃત્તિ ૧૦૬૫૦ શ્લોકમાં સં. ૧૨૯૬ માં, ચૈત્યવંદના વંદનક પ્રત્યાખ્યાનવૃત્તિ શ્લો. ૫૫૦, શ્રાવકપ્રતિક્રમણ સૂત્રવૃત્તિ શ્લો. ૨૦૦, સાધુપ્રતિક્રમણવૃત્તિ શ્લો. ૨૯૬, ઉક્ત દશ વૈકાલિક સૂત્રવૃત્તિ શ્લોક ૭૦૦૦, સં. ૧૩૪૬ માં જીતકલ્પવૃત્તિ શ્લો. ૧૭૦૦, સં. ૧૨૭૪ માં, શ્રાદ્ધજીતકલ્પ મૂળગાથા ૩૬ અને તેના પર સ્વોપજ્ઞવૃત્તિ શ્લો. ૧૧૫, પૌર્ણમિક સામાચારી શ્લો. ૨૫૦૦, નેમિનાથ ચરિત્ર શ્લો. ૩૫૦૦ અને પ્રત્યેક બુદ્ધ ચતુષ્ટય કથા રચેલ છે. આ પૈકી છેલ્લો ગ્રંથ પણ કવિએ ચાર પ્રત્યેક બુદ્ધનો રાસ રચતાં કદાચ જોયો હોય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

લના પ્રખ્યાત શૂરવીર જૈન મંત્રીઓ થયા તેમણે જે દેવળ કર્યાં તેનો તથા બીજાં ધર્મકાર્યો કર્યાં તેનો ટુંક અહેવાલ છે. આની પ્રત મેં લખી લીધેલી છે. એક પ્રત ફાર્બસ સભા પાસે છે.

૧૮. શત્રુંજય રાસ. P. સં૦ સં૦ ૧૬૮૨ (પાઠાં ૧૬૮૬)[૨૫]નાગોરમાં શ્રાવણ વદમાં. આ રાસ ટૂંકો છે. તેમાં લખ્યું છે કે સં૦ ૪૭૭ માં ધનેશ્વરસૂરિએ શત્રુંજયમાહાત્મ્ય નામનો ગ્રંથ શિલાદિત્ય પાસે હજુર કર્યો (આ એક દંતકથા છે) તેનો કંઇક આધાર આમાં લીધો છે. આમાં પહેલી ઢાલમાં શત્રુંજયનાં ૨૧ નામ, પછી તેનું પ્રમાણ; બીજી ઢાલમાં ત્યાં સિદ્ધ થયેલાનાં નામ, ત્રીજી તથા ચોથી ઢાલમાં ઉધ્ધાર વર્ણવેલાં છે. પછી માહાત્મ્ય બતાવી પાંચમી ઢાલમાં ત્યાં પાપનું આલોયણ (આલોચના) કરતાં છુટકો થાય છે એ બતાવી છઠી ઢાલમાં ત્યાંના દેવળોનું ટુંક વર્ણન કરી–ચૈત્ય પ્રવાડિ વર્ણવી જણાવે છે કે—

ચૈત્ય પ્રવાડિ ઇણ પર કરીએ, સીધાં વંછિત કામ.
જાત્રા કરી શેત્રુંજ તણીએ, સફલ કિયો અવતાર
કુશલ ક્ષેમશું આવિયોએ, સંઘ સહૂ પરિવાર—

આ રીતે સંઘ સાથે પોતે જાત્રા કરી કુશલક્ષેમ આવ્યા ને ત્યાર પછી સં. ૧૬૮૨ માં નાગોરમાં આ રાસની રચના કરી. તો આ સંઘ કયો તે અંદર જણાવેલ સોમજીશાહ-

વંશ પોરવાડે પરગડો એ સોમસી સાહ મલાર
રૂપજી સંઘવી કરાવીઓ એ, ચૌમુખ મૂલ ઉદ્ધાર

નો સંઘ કદાચ હોય એવી કલ્પના થવા સંભવ છે. કારણ કે તે અમદાવાદના શેઠ સોમજી સત્રાઇએ સં૦ ૧૬૭૫ માં આ ચૌમુખની ટોંક બંધાવી. તેમાંના બહારના ભાગને ખરતરવ· સહિ અને અંદરના ભાગને ચૌમુખ–વસહિ કહે છે. મીરાતે–અહમદી કહે છે કે આ મંદિર બંધાવવામાં ૫૮ લાખ રૂપીઆ લાગ્યા હતા.

(રત્નસમુચ્ચયમાં પૃ. ૨૭૦ થી ૨૮૦ ને પાને પ્રસિદ્ધ થયેલ છે. છેલ્લી પ્રશસ્તિ આમાં છે તેથી વધારે ૧૯ મી કડી પછી ત્રણ કડી બીજી પ્રતમાં વિશેષ છે. તેમાં જણાવેલ છે કે આ રાસ શત્રુંજય માહાત્મ્ય સાંભળી તે અનુસાર રચ્યો છે અને તે જેસલમેરથી ભણશાલી થિરે શત્રુંજયનો સંઘ કાઢ્યો હતો, તો આ થિરનો સંઘજ ઉપર જણાવેલ કુશલક્ષેમથી આવેલ સંઘ હોવાનું સ્પષ્ટ પ્રતીત થાય છે.)

૧૯ સીતારામ પ્રબંધ ચોપઇ. સં૦ ૧૬૮૩ મેડતામાં.

આ રાસ ઘણો મોટો છે અને જૈન રામાયણ આખી તેમાં મૂકી છે. અમાં પ્રથમ જ પોતે આની અગાઉ ચાર રાસ રચ્યા છે તેમાં 'હે સરસ્વતિ તેં મદદ કરી હતી તેમ આમાં પણ મદદ કરજે' એવું જણાવે છેઃ—

સમરૂં સરસતિ સામિણી, એક કરૂં અરદાસ
માતા દે જે મુજને કરૂં વચન વિલાસ;

---

૨૫. બાસી અને છાસીઃ એમ તેમ બાસઠ અને છાસઠ ...એમ પાઠાંતર બા અને છા એકબીજાને બદલે લખાઇ જવાના હસ્તદોષથી સંભવે છે. આ બંને રાસો માટે જુઓ ફાર્બસ ગુજરાતી સભાના હસ્તલિખિત પુસ્તકોની સવિસ્તર નામાવલી પૃ. ૪૭ અને પૃ. ૬૭.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સંબ પ્રજૂન કથા સરસ (૧), પ્રત્યેક બુદ્ધ પ્રબંધ (૨)
નલ દવદંતી (૩) મૃગાવતી (૪), ચઉપઇ ચ્યાર સંબંધ.

આઇ તું આવી તિહાં સમર્યાં દીધો સાદ,
સીતારામ સંબંધ પણિ સરસતિ કરે પ્રસાદ.

આ પદ્મ ચરિત્ર (પઉમ ચરિયમ્)–સીતાચરિતના આધારે રચેલ છે. હિન્દુ રામાયણમાંથી અનેક આખ્યાનો જૂદા જૂદા હિન્દુ કવિએ લખેલાં છે. કવિ કહે છે કે—

જિનશાસન શિવશાસને સિતારામ ચરિત્ર સુણીજેરે
ભિન્નભિન્ન શાસન ભણી કે કો વાર્તા ભિન્ન કહિજેરે.

આ નવ ખંડમાં લગભગ ૩૭૦૦ ગાથાનો આ રાસ, ગોલછા ગોત્રીય પ્રસિદ્ધ રાયમલના પુત્રરત્ન અમીપાલ અને નેતસી, તથા ભત્રીજા રાજસીના આગ્રહે રચેલો છે. તેમાં કવિએ ગૂજરાતી, સિંધી, મારવાડી, મેવાડી, ઢુંઢારી, દિલ્હી વગેરે અનેક સ્થળોમાં ગીતો તથા દેશીઓ લઇ તેની લયમાં પોતાની દેશીઓ બનાવી કાવ્યચાતુરી એવી કુશલતાથી રસને ખીલવી બતાવી છે કે ન પૂછો વાત. આ કૃતિ તો કવિની અદ્‌ભુત થઇ છે અને તે ગૂર્જર કવિ શિરોમણી પ્રેમાનંદથી અનેકધા ટક્કર મારી કેટલીક બાબતમાં ચડી જાય છે. કવિ પોતે આ કૃતિને માટે મગરૂર છે એમ તે છેલ્લે જે જણાવે છે તે પરથી સ્પષ્ટ થશેઃ—

સીતારામની ચોપાઇ જે હુંઇ તે વાંચો રે,
રાગ રતન જવહર તણો, કુણ ભેદ લહે નર કાચોરે
નવરસ પોષ્યા મેં ઇહાં, તે સુઘડો સમજી લેજ્યો રે,
જે જે રસ પોષ્યા ઇહાં, તે ઠામ દેખાડિ દેજ્યો રે–
કે કે ઢાલ વિષમ કહિ તે, દુષણ મત દ્યો કોઇ રે,
સ્વાદ સાબૂણી જે હુવે તે લિંગ હદે કદે ન હોઇ રે–
જે દરબારે ગયો હુસે ઢુંઢાડિ મેવાડિ ને દ્રિલ્લી રે,
ગુજરાત મારૂઆડિમેં તે કહિસે ઢાલ એ ભલ્લી રે–
મત કહો મોટિ કાં બનેઠી, વાંચતાં સ્વાદ લહેસો રે,
નવનવા રસ નવનવી કથા, સાભલતાં શાબાશ દેશો રે–

આ રસ ખાસ પ્રકટ કરવા યોગ્ય છે. દેવચંદ લાલભાઇ પુસ્તકોદ્ધાર ફંડવાળા પાસેથી આની પ્રત મને જોવા મળી હતી. તેઓ પ્રકટ કરવા ઇચ્છતા હોય એમ જણાતું હતું, પણ આને ત્રણ ચાર વર્ષ થયાં છતાં કંઇપણ તે માટે પ્રયાસ થયો નથી જણાતો તે શોચનીય છે. આ રાસની કવિસ્વહસ્તલિખિત પ્રત આગ્રાભંડારમાં છે.

૨૦ બાવરવ્રતરાસ સં. ૧૬૮૫
૨૧ ગૌતમપૃચ્છા સં. ૧૬૮૬
૨૨ થાવચ્ચા ચોપાઇ સં. ૧૬૯૧
[ થાવચ્ચા પુત્ર કથા શ્લોકબદ્ધ પત્ર ૧૧ની જૈનગ્રંથાવલીમાં નોંધાયેલી છે. ]
૨૩ ચંપક શ્રેષ્ઠીની ચોપાઇ સં. ૧૬૯૫ જાલોરમાં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

આ અનુકંપાદાન ઉપર કથાનક છે. પોતાના અધિક સ્નેહી શિષ્યના આગ્રહથી, બે ખંડ. કુલ ગાથા ૫૦૬. ગ્રંથાગ્રંથ શ્લો. ૭૦૦. પ્રત આણંદજી કલ્યાણજીના તથા ધોરાજીના ભંડારમાં છે.

આમાં એ પણ બતાવ્યું છે કે સરજત ઉપર આધાર રાખનાર હોય છે પણ ઉદ્યમ અને ભાવી બંનેને ભાવી કરતાં ઉદ્યમ અધિકું છે.

'સહુ કો લોક લહઇ છઇ સરજ્યું, તે બોલ કેતા વાંચું,
ઉદ્યમ છઇ ઇમ પણિ ભાવી અધિકું, સમયસુંદર કહઇ સાચું'.

[ ચંપકશ્રેષ્ટિ કથા એ નામથી (૧) ૩૫૫ શ્લોકમાં, (૨) જયસોમ ( કવિ સમયસુંદર સાથે જેણે ઉપાધ્યાય પદ લીધું તે ગુણવિનયના ગુરુ ) કૃત, (૩) વિમલગણિ કૃત, એમ ત્રણ જૈન ગ્રંથાવલિમાં નોંધાએલ છે. ]

૨૪ ધનદત્ત ચોપાઇ સં૦ ૧૬૯૬ આસો માસ. અમદાવાદમાં.

આ વ્યવહારશુદ્ધિ પર કથાનક છે. શ્રાવકે વ્યવહારમાં કેવી રીતે વર્ત્તવું એ આનો ઉદ્દેશ છે. શુદ્ધ વ્યવહાર–ચોખવટભર્યો વ્યવહાર કયો તે કવિ બતાવે છે. શ્રાવકના ૨૧ ગુણ ગણાવે છે.

વિણજ કરતઉ વાણીયઉ, સાહજી, ઓછું નાપઇ ટાંક,
અધિકું પિણ તોલઇ નહી, સાહજી, મનમાંહિ આણઇ સાંક–
સુણઉ રે ભવિકજન, શ્રાવક ગુણ ઇકવીસ ઇણિ પરઇ–
સખર વચન ન કહઇ નિખર, સા૦ નિખર સખર ન કહેઇ
જિણ વેલા દેવું કહ્યું, સા૦ તિણિ વેલા તે દેઇ–સુ૦
ઝુઠું કદિ બોલઇ નહિ, સા૦ સાચું કહઇ નિતમેવ,
પહિલઉ વ્યવહાર શુદ્ધિ ગુણ, સા૦ ઇમ કહ્યુ અરિહંતદેવ. સુ૦

લગભગ દોઢસો ટુંકનો આ રાસ છે. આની પ્રત અમદાવાદમાં, ધોરાજી અને પાટણના ભંડારમાં છે. પાટણના હાલાભાઇના ભંડારના ડાબડા ૮૨ માં પત્ર ૯ની આ રાસની એક પ્રત છે તેની અંતે લખ્યું છે કે 'સર્વ ગાથા ૧૬૧ શ્રી સમયસુંદર મહોપાધ્યાયાનાં પૌત્રેણ પં. હર્ષકુશલ ગણિના સંશોધિતા. સા. હરજી ધનજી સુશ્રાવિકાગ્રહેણ.' પત્ર ૯. આ પરથી જણાય છે કે કવિની શિષ્યપરંપરા હતી અને તે પૈકી તેના શિષ્યના શિષ્યનું નામ પંડિત હર્ષકુશલ હતું.

[ ધનદત્ત કથા ( ૧ ) શ્લોકબદ્ધ પત્ર ૨૪, ( ૨ ) ગદ્યમાં પત્ર ૧૦, ( ૩ ) પત્ર ૧૭ માણિક્યસુંદર કૃત, ( ૪ ) ૩૩૦ શ્લોકની, એમ ચાર અને સૌથી પ્રાચીન તાડપત્રમાં લખેલી અમરચંદ્ર કૃત એમ પાંચ જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે. ]

૨૫ સાધુવંદના સં૦ ૧૬૯૭ ( લીં૦ ભંડાર )

૨૬ પાપ છત્રીશી સં૦ ૧૬૯૮ અહિમદપુરમાં. ( પૂરણચંદજી નહાર પાસે પ્રત છે ).

૨૭ સુસઢ રાસ–આ પ્રાપ્ત થયેલ નથી. [ મૂળ આ કથા પ્રાકૃતમાં દેવેંદ્રસૂરિ કૃત ૫૩૭ ગાથામાં અને બીજી પ્રાકૃતમાં ૩૫૦ ગાથા, જૈન ગ્રંથાવલિમાં નોંધાયેલ છે. ]

૨૮ પુણ્યાઢ્ય રાસ ( ડહેલાનો અપાસરો તથા રત્નવિજયજીનો ભંડાર. અમદાવાદ )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૨૯ પુંજા ઋષિનો રાસ.

નાગપુરીય તપાગચ્છની પટ્ટાવલિમાં થએલા એક મુનિના તપનું વર્ણન કરવા સમયસુંદર ઉપાધ્યાયે આ રાસ કરેલો જણાવ્યો છે. પાર્શ્વચંદ્રસૂરિ સંતાનીય વિમલચંદ્રસૂરિ થયા તેની પાસે પુજા મુનિએ રાજનગરમાં વિ. સં૦ ૧૬૭૦ માં અષાઢ શુદિ ૯ ને દિને દીક્ષા લીધી, અને ત્યાર પછી ઉગ્ર તપ ક્રિયા કરી ૧૨૩૨૨ (?) ઉપવાસ કર્યા અને બીજા અનેક તપ કર્યા. આ સર્વ તપની સંખ્યા વગેરે ઉક્ત રાસમાં આપી છે.

આ સિવાય કવિએ અનેક સ્વાધ્યાયો ( સઝાયો ), સ્તવનો, પદ વગેરે ટુંકી કવિતાઓ રચેલી છેઃ—

સઝાયો—મહાસતી યા મહાપુરુષો પર લખેલી, અને બીજી વૈરાગ્યોપદેશક સઝાયો એમ બે પ્રકારે છે.

(૧) રાજુલની સઝાય. ( પ્રથમ ચરણ–રાજુલ ચાલી રંગશું રે )
ગજસુકુમાલ સ૦ ( નયરી દ્વારામતિ જાણિયેજી )
અનાથી મુનિ સ૦ ( શ્રેણિક રયવાડી ચડ્યો )
બાહુબલિ સ૦ ( રાજતણા અતિ લોભિયા...વીરા મ્હારા ગજથકી ઉતરો )
ચેલણા સ૦ ( વીર વાંદી વલતાં થકાંજી......વીરે વખાણી રાણી ચેલણાજી )
અરણક મુનિ સ૦–( અરણિક મુનિવર ચાલ્યો ગોચરી )
કરકંડુ સ૦–( ચંપા નગરી અતિ ભલી, હું વારી લાલ )
નમિરાજર્ષિ સ૦. પ્રસન્નચંદ રાજર્ષિ સ૦ સ્થૂલભદ્ર સ૦
મેઘરથ રાય સ૦–દશમે ભવે શ્રી શાંતિજી, મેઘરથ જીવડો રાય–રૂડારાજા...ધન્ય ધન્ય મેઘરથ રાયજી, જીવદયા ગુણખાણ... )
શાલિભદ્ર સ૦ ( પ્રથમ ગોવાળિયા તણે ભવેજી, દીધું મુનિવર દાન... )
ભૂદેવ–નાગિલાની સ૦ ( અર્ધ મંડિત ગોરી નાગલા રે–આ દેશી વિનય વિજય અને યશોવિજય કૃત શ્રીપાળરાસમાં લેવાઇ છે ) અપ્રગટ.
ધનાની સઝાય–( જગિ જીવન વીરજી, કવણ તમારો શીષ )–અપ્રકટ.

(૨) નિંદા પર–( નિંદા મ કરજો કોઇની પારકી રે )
માયા પર–( માયા કારમીરે માયા મકરો ચતુર સુજાણ. )
દાનશીલ તપ ભાવ પર– ( રે જીવ જિન ધર્મ કીજીએ. )

ધોબીડા પર–( ધોબીડા તું ધોજે મનનું ધોતીયું રે )
પંચમઆરાપર–

( શ્રાવકના ) એકવીસ ગુણે સ૦ ( પુરણચંદજી નહાર–કલકત્તા પાસે પ્રત છે )—આ કદાચ વ્યવહાર શુદ્ધિ રાસનો ભાગ હોય.

**સ્તવનો**

( ૧ ) મુનિસુવ્રત સ્વામી સ્ત૦ ( પખવાસાનું સ્ત૦ )—૧૫ દિવસના ઉપવાસ કરવાના તપ ઉપર–( જંબૂદ્વીપ સોહામણો, દક્ષિણ ભરત ઉદાર. )

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઋષભદેવ સ્તવન.
તીર્થમાલા સ્તવન (શત્રુંજયે ઋષભ સમોસર્યા)

રાણકપુર સ્ત૦ સં૦ ૧૬૭૬ (રાણકપુર રળિયામણું રે...શ્રી આદીશ્વર દેવ મન મોહ્યું રે
અષ્ટાપદ ગિરિ સ્ત૦ (મનડો અષ્ટાપદ મોહ્યો માહરોજી, નામ જપું નિશિદીસજી)
સીમંધર સ્ત૦ (ધન ધન ક્ષેત્ર મહાવિદેહજી.)

શત્રુંજય મંડળ શ્રી આદિનાથ સ્તવન–સં૦ ૧૬૯૯ માં કવિના હાથનું લખાયેલું પંડિત લાવચંદ પાસે છે. "સંવત સોલ ૯૯ વર્ષે ભાદ્રવા સુદિ ૧૩ દિને લિષિતં ।। સ્વયમેવ" એમ છેલ્લે ઉલ્લેખ છે. તેમાંની ૨૨ મી કડી–

ચંચલ જીવ રહે નહીંજી રાચઇ રમણી રૂપ;
કામ વિટંબણ સી કહુંજી તું જોણઇ તે સરૂપ

તે જિનહર્ષે પોતાના 'આદિજિન વિનતિ' સ્તવનમાં થોડા ફેરફાર સાથે લીધી જણાય છે,

(૨) પંચમી તપ પર લઘુ સ્ત૦–(પંચમી તપ તમે કરો રે પ્રાણી.)
પંચમી તપ પર વૃદ્ધ (મોટું) સ્ત૦–ઢાલ ૩ નું (પ્રણમી શ્રી ગુરુપાય, નિર્મલ જ્ઞાન ઉપાય) જ્ઞાન પંચમી એ જૈનોમાં જ્ઞાન વૃદ્ધિ અર્થે એક ધાર્મિક પર્વ છે. આમાં જણાવ્યું છે કે—

જ્ઞાન વડો સંસાર, જ્ઞાન મુગતિ દાતાર,
જ્ઞાન દીવો કહ્યો એ, સાચો સદ્દહણો એ.
જ્ઞાન લોચન સુવિકાશ, લોકાલોક પ્રકાશ,
જ્ઞાન વિના પશુ એ, નર જાણે કિસ્યું એ.

એકાદશી વૃદ્ધ સ્ત૦ ૧૩ કડીનું. (સમવસરણ બેઠા ભગવંત, ધરમ પ્રકાશે શ્રી અરિહંત).
મૌન એકાદશી નામના ધાર્મિક પર્વ પર જેસલમેરમાં સં૦ ૧૬૮૧
ઉપધાન તપ સ્ત૦–(શ્રી મહાવીર ધરમ પરગાસે, બેઠી પરષદ બારજી.)

પોષધવિધિ સ્ત૦—

(૩) વિનતિ એટલે સંબોધન રૂપે આપવીતિ– સ્વદોષ જણાવી પ્રભુની કરુણા અને દયા માંગવા માટે જેમાં આર્જવ પૂર્વક વિનતિ કરવામાં આવી છે તેવાં વિનતિ સ્તવનો.

મહાવીર વિનતિ સ્ત૦ (વીર સુણો મોરી વિનતિ, કરજોડી હો કહું મનની વાત)

આ જેસલમેરમાં વાચનાચાર્ય પોતે હતા ત્યારે બનાવ્યું છે.

અમરસરપુર મંડન શીતલનાથ વિનતિ સ્ત૦

(મોરા સાહિબ હો, શ્રી શીતલનાથ કિ, વિનતિ સુણો એક મોરડી)
આલોયણ (આલોચના) રૂપે વિનતિ સ્ત૦

(૪) છંદ– પાર્શ્વનાથ છંદ (આપણ ઘર બેઠાં લીલ કરો.)

(૫) દાદાજી સ્ત૦ (ખરતર ગચ્છમાં પોતાની ગુરુપરંપરામાં થયેલ જિન કુશલ સૂરજી 'દાદાજી' તરીકે ઓળખાય છે, ઘણા ચમત્કારી હોઇ તેમણે સમરતાં

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

ઘણાને પરચા આપ્યા છે એમ મનાય છે. એવો પરચો કવિને મળ્યો હતે તેવું આ સ્તવનમાં જણાવેલ છે, તેમજ પોતાની કૃતિમાં પણ સ્તુતિ રૂપે તેમ સાંનિધ્ય લઇને અવ્હાહન કરેલું છે. (આદિ ચરણ–આયો આયોજી સમરંત દાદોજી આયો.)

**સ્તુતિઓ,** પ્રભુ સ્તુતિ.

વિમલાચલ ઋષભ સ્તુતિ.

[૨૬] **કેટલાંક પદો.** વૈરાગ્ય–ઉપદેશ બોધક ટુંકાં કાવ્યોને 'પદ' એ નામ અપાય છે. જે મળેલાં તે આ નિબંધમાં ઉદ્ધૃત કર્યાં છે. આ બધાં હિન્દી ભાષામાં છે.

**અન્ય કૃતિઓ**—ઉપરોક્ત સિવાય કવિની અન્ય કૃતિઓ હોવાનો સંભવ છે. તે પૈકી ઋષિમંડળ પર પોતાની ટીકા કે સ્તવન–કંઇ પણ હોવું જાઇએ.[૨૭]

---

૨૬ ઉપર સઝાયો, સ્તવનો, પદ વગેરે સર્વ મુદ્રિત થયાં છે. જુઓ જૈનપ્રબોધ સઝાયમાળા, રત્નસાગર, રત્નસમુચ્ચય, જૈનકાવ્યસંગ્રહ ચૈત્યવંદનસ્તુતિસ્તવનાદિ સંગ્રહ.

૨૭ કારણ કે ખ૦ શિવચંદ પાઠકે ૨૪ જિનપૂજા સં. ૧૭૭૯ (નંદ મુનિ નાગધરણી) વર્ષમાં આશો શુદ ૨ ને શનિને દિને જયપુરમાં રચેલ છે તેમાં સમયસુંદરની આ કૃતિનો પોતે આધાર લીધેલો જણાવ્યો છેઃ—

સમયસુંદર અનુગ્રહી ઋષિમંડલ, જિનકી શોભ સવાયા,
પૂજા રચી પાઠક શિવચંદે આનંદ સંઘ વધાયા—

રત્નસાગર ભાગ ૧ લો પૃ. ૨૮૮.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org